૧૩ અદેય

# ગુજરાતી-ભીલી વાતચીત

(ગરાસિયા સ્વરૂપ)

શાન્તિભાઈ આચાર્ય

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ – ૧૪

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર પ્રકાશનમાળા પુ૦ ૬

# ગુજરાતી-ભીલી વાતચીત

## (ગરાસિયા સ્વરૂપ)

શાન્તિભાઈ આચાર્ય

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

પ્રકાશક
રામલાલ ડાહ્યાભાઈ પરીખ
મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪

મુદ્રક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૧૪

© ગૂજરાત વિદ્યાપીઠ, ૧૯૬૭

પહેલી આવૃત્તિ ૧,૦૦૦

મૂલ્ય : રૂપિયા બે

માર્ચ, ૧૯૬૭

## પ્રકાશકનું નિવેદન

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા આજ સુધીમાં નીચેનાં પુસ્તકો પ્રસિદ્ધ થયાં છે.

૧. **આદિવાસીઓના પ્રશ્નો** (સં. વિમલ શાહ)
૨. **ભીલી-ગુજરાતી શબ્દાવલિ** (સં. શાન્તિભાઈ આચાર્ય)
૩. **ગુજરાતના આદિવાસીઓ** (વિમલ શાહ)
૪. **ગુજરાતના દૂબળાઓ** (અનુ. પી. સી. શાહ : સંક્ષેપ. બિન્દુ શાહ)
૫. **સમૂહશ્રાદ્ધ** (વિમલ શાહ, રમેશ શ્રોફ, હકુ શાહ)

તે પહેલાં મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલય સ્નાતક વર્ગના અભ્યાસના ભાગ રૂપે **'પંચમહાલના ભીલો'** નામનો તપાસનિબંધ પણ પુસ્તકાકારે પ્રસિદ્ધ થઈ ચૂક્યો છે. આ પુસ્તિકાથી આદિવાસીવિષયક સામગ્રીમાં ઉમેરો થાય છે.

સમસ્ત વિશ્વમાં આજે આદિવાસી જાતિઓના અભ્યાસો વિવિધ દૃષ્ટિકોણથી થાય છે. આપણો દેશ આદિવાસી વસતિથી સમૃદ્ધ છે, અને તેથી આદિવાસીઓ દેશનું મહત્ત્વનું અંગ છે એમ આપણે સ્વીકાર્યું છે. તેથી એમની નજીક જવાને માટે તેમ જ એમની પ્રત્યે સમભાવ કેળવાય એ હેતુથી અહીં પણ વિવિધ અભ્યાસો થાય છે. ભીલી બોલીનો આ અભ્યાસ સાબરકાંઠામાં વસતા આદિવાસીઓ પૂરતો મર્યાદિત છે. આ વિસ્તારમાં વસતા આદિવાસીઓમાં જઈને તેમનો પરિચય કેળવવામાં તેમ જ તેમને આપણામાં મારા-પણું લાગે એવી પરિસ્થિતિ સર્જવામાં આ પુસ્તિકા અત્યંત ઉપયોગી થશે એવી શ્રદ્ધા છે.

ભાઈ શાંતિભાઈને આ ભીલી બોલીની સારી ફાવટ આવી છે તે વાતચીતની વાકચરચના પરથી દેખાઈ આવે છે. કાર્યકરો, સરકારી કર્મચારીઓ, સંશોધકો વગેરેને આ પ્રજાનો સંપર્ક કરવાના કામમાં આ પુસ્તિકાની મદદથી સરળતા રહેશે.

વિદ્યાપીઠનાં અન્ય પ્રકાશનોની જેમ આ પ્રકાશન પણ ગૂજરાતની પ્રજાને ગમશે એવી આશા છે.

—**રામલાલ પરીખ**

## અનુક્રમણિકા


| | |
|---|---|
| વિષયસૂચિ | ૫ |
| પુસ્તિકા વિષે | ૭ |
| ગુજરાતી-ભીલી વાતચીત | ૧ |
| શબ્દસૂચિ | ૨૬ |


## વિષયસૂચિ


| | વાક્ય સંખ્યા |
|---|---|
| ૧. પરિચયાત્મક | |
| જાતમાહિતી | ૧-૧૦ |
| સગાંસંબંધી | ૧૧-૨૫ |
| ખોરાક, પોશાક, ઘરેણાં તથા ગામ વિષેની સામાન્ય માહિતી | ૨૬-૬૮ |
| ૨. ખેતી | |
| જમીન | ૬૯-૭૭ |
| વરસાદ | ૭૮-૮૨ |
| વાવેતર | ૮૩-૮૮ |
| ખેડ, ખાતર અને પાણી | ૮૯-૧૨૯ |
| ખેતી અંગેની મદદ | ૧૩૦-૧૫૦ |
| ૩. જંગલ | |
| જંગલની પેદાશ | ૧૫૧-૧૫૮ |
| જંગલમાંની જરૂરિયાતો | ૧૫૯-૧૭૮ |
| ઢોર ચરાવવા અંગે | ૧૭૯-૧૮૫ |
| રોજી-રોટી | ૧૮૬-૧૯૩ |
| જંગલી જનાવરો | ૧૯૪-૨૦૨ |
| દવ, રસ્તાઓ વગેરે અંગે | ૨૦૩-૨૧૫ |
| ૪. સામાજિક | |
| ગામની વસતિ, વિસ્તાર | ૨૧૬-૨૨૦ |
| ગામની સવલતો | ૨૨૧-૨૩૨ |
| ગામના અધિકારીઓ | ૨૩૩-૨૪૧ |
| દેવ, દેવીઓ, મેળા વગેરે | ૨૪૨-૨૬૦ |
| ગામના ઝઘડા-ટંટા | ૨૬૧-૨૭૨ |
| સહકારી મંડળી | ૨૭૩-૨૮૫ |
| શાળા વિષે | ૨૮૬-૩૦૯ |
| બાંધકામ અંગે | ૩૧૦-૩૨૧ |

| | |
|---|---|
| મહિલાઓ અંગે | ૩૨૨–૩૩૨ |
| આરોગ્ય | ૩૩૩–૩૪૪ |
| સંરક્ષણ | ૩૪૫–૩૫૨ |
| સાહિત્ય | ૩૫૩–૩૬૨ |
| હાટ, ખરીદી | ૩૬૩–૩૭૪ |
| ઘરેણાં તથા અન્ય વસ્તુઓ | ૩૭૫–૩૮૨ |
| ઢોરઢાંખર | ૩૮૩–૩૯૯ |
| મૃત્યુ તથા શુકન–અપશુકન | ૪૦૦–૪૧૨ |
| લગ્ન અંગે | ૪૧૩–૪૨૦ |
| દારૂબંધી | ૪૨૧–૪૩૦ |
| વિવિધ મદદ અને કાયદા | ૪૩૧–૪૬૦ |

## પુસ્તિકા વિષે

આ પુસ્તિકા સાબરકાંઠા વિસ્તારમાં વસતા આદિવાસીઓની બોલીની છે. આ વિસ્તારની બોલીની એક શબ્દાવલિ આ પૂર્વે અમે પ્રકાશિત કરી હોવાથી આ પુસ્તિકા તૈયાર કરવાનું કામ પ્રમાણમાં સરળ થઈ ગયું હતું. તેમ છતાં ભાઈશ્રી સિદ્ધરાજ સોલંકીની આમાં મદદ ન મળી હોત તો આ કાર્ય આટલું વહેલું પૂરું કરી શકાયું ન હોત. અંગત રસ લઈને મદદ કરવા બદલ તેમનો હું આભારી છું.

આ પુસ્તિકા તૈયાર કરવા પાછળ, સાબરકાંઠા વિસ્તારના આદિવાસીઓમાં કામ કરનાર કાર્યકરોને ભાષાકીય મદદ કરવાનો હેતુ છે. આદિવાસીઓ સાથે જેમને સીધો સંબંધ છે તેઓ બધાં જ જાણે છે કે એકમેકને સમજવામાં ભાષાનો ઠીક ઠીક અંતરાય રહે છે. એ અંતરાયને ઓછો કરવાનો આ પુસ્તિકા દ્વારા મારો નમ્ર પ્રયત્ન છે. આ પ્રયત્નને મૂલવવાનું તેનો ઉપયોગ કરનાર પર જ છોડવામાં ઔચિત્ય છે.

આ પુસ્તિકા મુખ્યત્વે ગુજરાતી ભાષકો માટે છે. ગુજરાતી ભાષકોએ આનો ઉપયોગ કરતાં પહેલાં નીચે આપેલાં કેટલાંક સૂચનો સતત ધ્યાનમાં રાખવાં પડશે. આ સૂચનો ધ્યાનમાં રાખીને ગુજરાતી ભાષક ભીલી બોલશે તો મને ખાતરી છે કે તેમને ભીલીસમાજ પોતાની બોલીનો જ ભાષક માનવા પ્રેરાશે.

પુસ્તિકાના પ્રશ્નોમાં પણ વિભિન્ન રસવાળા કાર્યકરોને, આદિવાસી વિસ્તારમાં શી શી જરૂર ઊભી થાય તે વાત નજર સમક્ષ રાખવામાં આવી છે. અને આદિવાસી વિસ્તાર સાથે સંકળાયેલા મારા સાથી મિત્રોનાં આ અંગેનાં સૂચનોનો પણ આમાં સમાવેશ થયો હોવાથી પુસ્તિકાની ઉપયોગિતા વિષે તો શંકા રહેતી નથી. અલબત્ત, કેટલી ઉપયોગિતા છે તે ઉપર જણાવ્યા મુજબ તેના ઉપયોગ કરનારાઓ નક્કી કરશે.

ઉપયોગ કરનારને ઉચ્ચારણ અંગે કેટલાંક સૂચનો :

**સ્વરો :**

૧. ગુજરાતી ઇ/ઈ નાં ઉચ્ચારણમાં અર્થભેદ થતો નથી. આ બોલીમાં આ બંને ઇ/ઈ નાં ઉચ્ચારણો અર્થભેદ કરે છે. આથી સારી રીતે ભીલી બોલ-

નાર ગુજરાતી ભાષકે 'ઇં'નું ભીલી ઉચ્ચારણ ગુજરાતી 'ઈ' અને 'એ'ની વચ્ચેનું કરવું. દા. ત. ગુજરાતી 'કેમ છો?'નું ભીલી 'કિમ સ઼ો?' થાય છે. આમાં જે 'કિ' છે તે ગુજરાતી 'કી' જેવો નહીં અને 'કે' જેવો ય નહીં, પરંતુ બંનેની વચ્ચેનું ઉચ્ચારણ કરીને બોલવો. જ્યાં જ્યાં હ્રસ્વ વડે દર્શાવેલ વર્ણ હોય ત્યાં આ જ પ્રમાણે ઉચ્ચારણ કરવું. 'ઈ'નું ઉચ્ચારણ ગુજરાતીના 'ઈ' પ્રમાણે કરવું.

૨. આવો જ ભેદ છે ઉ/ઊ વચ્ચે. 'ઉ'નું ઉચ્ચારણ ગુજરાતી 'ઉ' અને 'ઓ'ની વચ્ચેનું કરવું. ઉ. ત. ગુજરાતી 'છોકરો'નું ભીલી 'સુરો' થાય છે. આમાં જે 'સુ' છે તે ગુજરાતી 'સુ' જેવો નહીં તેમ 'સો' જેવો ય નહીં પરંતુ બન્નેની વચ્ચેનું ઉચ્ચારણ કરીને બોલવો. આ જ પ્રમાણે જ્યાં જ્યાં હ્રસ્વ વડે વર્ણ દર્શાવેલ હોય ત્યાં કરવું. 'ઊ'નું ઉચ્ચારણ ગુજરાતીના ઉચ્ચારણ મુજબ કરવું.

૩. ઊંધી માત્રા વડે દર્શાવેલ હોય ત્યાં પહોળું ઉચ્ચારણ કરવું. દા.ત. કૅામ.

**વ્યંજનો:**

ભીલીમાં કેટલાક વ્યંજનોનાં ઉચ્ચારણો પણ ગુજરાતી વ્યંજનોનાં તે તે ઉચ્ચારણોથી જુદાં છે. આની પણ ગુજરાતી ભાષકે નોંધ લેવી ઘટે છે.

૧. ગુજરાતીના બધા જ મહાપ્રાણ સઘોષ એટલે કે 'ઘ', 'ઢ', 'ધ', 'ભ' નું ઉચ્ચારણ ગુજરાતીથી તદ્દન જુદું થાય છે. આમાં મોટા ભાગે 'ઘ'નું ઉચ્ચારણ આદિસ્થાને ક$^{હ}$ અને બીજાં સ્થાનોમાં ગ, તેવી જ રીતે 'ઢ'નું ટ$^{હ}$ અને ડ, 'ધ'નું ત$^{હ}$ અને દ, તથા 'ભ'નું પ$^{હ}$ અને બ થાય છે. ઉ. ત. ગુજ. ઘર નું ભીલી ક$^{હ}$ર, ગુજ. ઘોડા નું ભીલી કો$^{હ}$ડા પરંતુ ગુજ. વાઘ નું ભીલી વાગ. તેવી જ રીતે ગુજ. ઢોલ નું ભીલી ટો$^{હ}$લ, ગુજ. ઢીલું નું ભીલી ટી$^{હ}$લુ પરંતુ ગુજ. ટાઢ નું ટાડ થાય છે. ગુજ. ધરતી ને ત$^{હ}$રતી તથા ધજા ને ત$^{હ}$જા તરીકે ઉચ્ચારાય છે. પરંતુ ગુજ. મધ નું ઉચ્ચારણ મેદ થાય છે. તેવું જ બને છે ગુજ. ભ વિષે. ગુજ. ભગત નું ઉચ્ચારણ પ$^{હ}$ગત અને ભજન નું પ$^{હ}$જન થાય છે, પરંતુ ગુજ. લાભ ને લાબ તરીકે ઉચ્ચારાય છે.

૨. ગુજરાતી 'ચ' અને 'છ'નું ઉચ્ચારણ ભીલીમાં જુદું છે. આ બન્ને-નું ઉચ્ચારણ મહદંશે ગુજરાતી 'સ' જેવું થાય છે. અને કોઈ વાર આ બંનેનું મરાઠી ચ ના જેવું ઉચ્ચારણ પણ થાય છે. દા. ત. ગુજ. 'ચોપડી'નું ભીલી સોપડ઼િ, અને ગુજ. છોકરો નું સુરો ઉચ્ચારણ થાય છે. પણ ગુજ. ચારો નું



ભીલી ચ઼ાર તથા ગુજ. છાણિયું નું ભીલી ચ઼ાણ્યૂ ઉચ્ચારણ થાય છે. આને દર્શાવવા માટે 'ચ઼' સંજ્ઞા યોજી છે.

૩. ગુજરાતી 'જ' કરતાં ભીલીમાં એક જુદા ઉચ્ચારણવાળો પણ જ઼ છે. તેને નીચે નુક્તો મૂકીને દર્શાવેલ છે. આનું ઉચ્ચારણ કરવા માટે ગુજરાતીના દ ને જ સાથે જોડીને બોલતા હો તેવો પ્રયત્ન કરવો. દા. ત. ગુજ. જંગલ નું ભીલી જ઼ગળ ઉચ્ચારણ છે.

૪. 'ડ઼'નું ઉચ્ચારણ ભીલીમાં ગુજરાતી 'ઝાડ'માં ડ નું ઉચ્ચારણ થાય છે તેવું કરવું. ઉ. ત. ગુજ. અટક નું ભીલી અડ઼ખ

૫. 'સ઼' વર્ણનું ઉચ્ચારણ સુરત તરફ 'પૈસો'માંનું જે સ અને હ ની વચ્ચેનું ઉચ્ચારણ થાય છે તેવું કરવું. ભીલીમાં આવા ઉચ્ચારણવાળા શબ્દોની વિપુલતા છે. ગુજ. શું નું ભીલી સ઼ૂં., ગુજ. ડોસા નું ભીલી ડુસ઼ા વગેરે.

૬. ગુજરાતી હ નું ઉચ્ચારણ ભીલીમાં આદિસ્થાનમાં થતું નથી. જ્યાં જ્યાં આદિસ્થાનમાં ગુજરાતી હ – ઉચ્ચારાય છે ત્યાં ત્યાં તેવા સ્થાનમાં ભીલીમાં અ – ઉચ્ચારણ થાય છે. ઉ.ત. ગુજ. હાથ નું ભીલી આથ, ગુજ. હરણ નું અણ્નૂ, વગેરે.

આટલા મુદ્દાઓનો સામાન્ય ખ્યાલ રાખીને પુસ્તિકાનો ઉપયોગ કરવામાં આવશે તો પ્રસ્તુત ભીલી વિસ્તારમાં આના વડે બહુ સહેલાઈથી કામ સાધી શકાશે એમ મારું માનવું છે.

ભીલસમાજ સાથે જેને જેને સીધો સંબંધ રહે છે તેવા લગભગ બધા જ પ્રકારના કાર્યકર્તાઓને નજર સામે રાખીને આ ૪૬૦ વાક્યોમાં મોટા ભાગનાં ભીલજીવનને આવરી લેવાનો પ્રયત્ન કર્યો છે. તેમ છતાં કોઈને કશું સૂચન કરવા જેવું જણાય તો તે આવકારતાં મને ખૂબ આનંદ થશે.

પુસ્તિકાના અંતે કક્કાવારી મુજબ ગુજરાતી – ભીલી શબ્દસૂચી આપી છે. આ પુસ્તિકામાં આવતા શબ્દો તેમાંથી જોઈ શકાશે.

પુસ્તિકાના વપરાશ પછીથી જો તેની અગત્ય સિદ્ધ થશે તો ગુજરાતની અન્ય આદિવાસી બોલીઓ અંગે પણ આવા પ્રયત્નો કરવાનું ધાર્યું છે. પરંતુ એ તો થઈ ભવિષ્યની વાત. અત્યારે તો ગુજરાતની આદિવાસી પ્રજાની નજીક લઈ જવામાં જરા સરખો પણ ફાળો આ પુસ્તિકા આપશે તો હું ધન્યતા અનુભવીશ.

**શાન્તિભાઈ આચાર્ય**

# ગુજરાતી – ભીલી

(ગરાસિયા સ્વરૂપ)

## વાતચીત

## પરિચયાત્મક

| | |
|---|---|
| ૧ રામ રામ, કેમ છો ? | રૅામરૅામ કિમ સ઼ો ? |
| ૨ તમારું/તારું નામ શું છે ? | તમાર/તાર નૅામ સ઼ૂ સ઼ે ? |
| ૩ તમારું પૂરું નામ કહો. | તમાર સ઼ેતૂ નૅામ બોલો જો. |
| ૪ આવો, ઘડીક વાર બેસો તો ખરા. | આવો, પાંહગ પરાય અતરી વળા ત બિસ઼ો. |
| ૫ મજામાં છો ને ? | મઝા માય ત સ઼ો નિ ? |
| ૬ તમારી જાત કઈ ? | તમોં કણી જાતના/કૂણ જાત સ઼ો ? |
| ૭ તમે કયા ગામના છો ? | તમોં કણા ગૅામના (સ઼ો) ? |
| ૮ તમારી અટક શી છે ? | તમાર સ઼ૂ અટ઼ખ ? |
| ૯ કંઈ ભણેલા છો કે ? | કંઈ પ્હણિલા સ઼ો કે ? |
| ૧૦ કેમ ભણ્યા નહીં ? | સ઼ંય નિ પ્હણ્આ ? |
| ૧૧ હવે છોકરાંઓને તો ભણાવશો કે નહીં ? | પૅાણ સુરૅસ્ત પ્હણાવસ઼ો ક નિ ? |
| ૧૨ તમે કેટલાં ભાંડરુ છો ? | તમોં કતરાં પ્હરડ઼ાં સ઼ો ? |
| ૧૩ ભાઈ કેટલા ? | કતરા પાહ્ય ? |
| ૧૪ અને બહેનો ? | ને બિનીં ? |
| ૧૫ ત્યારે તો બહોળું કુટુંબ છે. | તે તે મુટ઼ૂ કટમ સ઼ે ? |
| ૧૬ એકે ભાઈ ભણેલા છે ? | એકે પાહ્ય પ્હણિલો સ઼ે ? |
| ૧૭ કેટલી ચોપડી ? | કતરી સોપડ઼ી ? |
| ૧૮ સહી કરી શકે છે ? | સય કરી સ઼કે ? |
| ૧૯ તમો તો અંગૂઠો જ કરો છો ને ? | તમો તે અગૂઠો સ દીયો સ઼ો ને ? |
| ૨૦ ડાબા હાથનો અંગૂઠો દ્યો. | ડાબા આથનો અગૂઠો દીયો. |
| ૨૧ તમારે દીકરા કેટલા છે ? | તમારે કતરા સુરા સ઼ે ? |
| ૨૨ અને દીકરીઓ કેટલી ? | ને કતરી સુરી ? |
| ૨૩ દીકરીઓને ભણાવતા કેમ નથી ? | સૂરજ્ર્ય સ઼ંય નસીં પ્હણાવતા ? |
| ૨૪ કામ તો થયા જ કરવાનું, થોડું થોડું તો ભણાવો. | કૅામ તે સાલ્લાસ કરવાનૂ, થોડ઼ૂક થોડ઼ૂક તો પ્હણાવો. |
| ૨૫ તમારા માબાપ હયાત હશે ખરું ને ? | તમાર આય આતો સ઼ેં ? |
| ૨૬ તમારું મૂળ ગામ આ કે ? | તમાર અસલી જૂૅસ ગૅામ ? |
| ૨૭ તમારા વડવાઓ બીજેથી આવીને અહીં વસેલા ? | તમાર ડુસ઼ા-ડુકરા બીઝે ગૅામસ઼ાં આવીન ન્આ રેસ્લા ? |

| | |
|---|---|
| ૨૮ તમારી માના ભાઈને તમે શું કહો ? | તમારા આય ના પાઞ્જિ તમોં સૂ કયો ? |
| ૨૯ અને માના પિતાજી ને ? | ને આયના દાઞ્જિ ? |
| ૩૦ એ (લોકો) કયા ગામના છે ? | વા કણુ ગોમનાં સેં ? |
| ૩૧ એમની અટક શી છે ? | વણાન સૂં અડ્ખ (સે) ? |
| ૩૨ તમારામાં એક જ ગોત્રમાં લગ્ન થઈ શકે ? | તમારા માય ઇક્સ ગુતેરમાય લગન થાય કે નિ ? |
| ૩૩ તમારા પિતાનાં બહેનને તમે શું કહો ? | તમારા દાજી/બાપા/આતા ન બિનેય તમોં સૂં કચો ? |
| ૩૪ તમારો એકે દીકરો પરણેલો છે ? | તમાર એકે સુરો પણિનલો સે ? |
| ૩૫ તમારામાં લગ્ન તો જોવા જેવાં હોય છે, ખરું ને ? | તમાં માય વીવા તે જુવા એવા ઊગે નિ ? |
| ૩૬ તમારા કાકા-કાકી પણ અહીં જ રહે છે ? | તમાર કાકો-કાકિ પણ ન્આસ રેંય ? |
| ૩૭ ત્યારે શું બીજે ગામ રહે છે ? | તરે સૂં બીઝે ગોમ રંય ? |
| ૩૮ એ ગામ અહીંથી કેટલું દૂર છે ? | વૂ ગોમ એંસૂ કતરૂ સિટે સે ? |
| ૩૯ તમે શું શું ખાઓ ? | તમોં સૂં સૂં ખો ? |
| ૪૦ કેટલી વખત ખાઓ ? ક્યારે ક્યારે ? | કતરી વખતે ખો ? કિરેકિરે ? |
| ૪૧ ગામની ભાગોળે નદી છે તેનું શું નામ છે ? | ગોમને સેવાડેવાળી નય નૂ સૂં નોમ (સે) ? |
| ૪૨ નદીકાંઠે દેરી છે તે શાની છે ? | નય ને તેહ્ડિ દિરી સે તી સિની સે ? |
| ૪૩ પેલા પાળિયા શાના છે ? | વા રીસાંમાં/પાળલ્યા સિના સેં ? |
| ૪૪ તમે છૂટાછવાયા કેમ રહો છો ? | તમોં સૂટા સૂટા સંય કેહ્ર માંડો ? |
| ૪૫ બધાં પાસેપાસે ઘર બાંધીને રહો તો ? | સેતા પાસે પાસે કેહ્ર બાંદીન રેઓ તરે ? |
| ૪૬ તમને તીર ચલાવતાં આવડે ખરું કે ? | તમય સજ્જૂ દડતાં આવડે ખરૂ કે ? |
| ૪૭ તમે માછલાં પકડવાનાં કયાં કયાં સાધનો ઉપયોગમાં લો છો ? | તમોં માસલાં સાવા કયોંનાં કયોંનાં સાદન વાપરો સો ? |



| | |
|---|---|
| ૪૮ અને પક્ષી પકડવાનાં સાધન કયાં કયાં ? | ને પંખી સાવાના સાદન કયઁાના-કયઁાનાં ? |
| ૪૯ તમારે ત્યાં મેળા કયા કયા ભરાય છે ? | તમાર વ્યઁા કયઁાના કયઁાના મેળા પહ્રય (સે) ? |
| ૫૦ મેળામાં પણ આ જ કપડાં પહેરો ? | મેળામાય તી જ્યાંસ લબરાં પેરો ? |
| ૫૧ તમારામાં કુમારિકાનો પોશાક શું? | તમાર ન્આ કૂઆરી સુરી સૂં સૂં પેરિ? |
| ૫૨ અને પરણેલીનો ? | ને પણિનલી ? |
| ૫૩ તમારે ત્યાં વૃદ્ધ સ્ત્રીઓનો પોશાક શું ? | તમાર ન્આ ગડી ડુસી સૂં સૂં પેરિ ? |
| ૫૪ તમારામાં વર-કન્યાનો પોશાક શું? | તમાંમાય લાડી–વોરાં કિવાં લબરાં પેરિ ? |
| ૫૫ તમારે ત્યાં પુરુષનો પોશાક શું ? | તમારન્આ આદમી સૂં સૂં પેરિ ? |
| ૫૬ કુમારિકા કયાં કયાં ઘરેણાં પહેરે? | કૂઆરી સુરી સૂં સૂં ગન્ના પેરિ ? |
| ૫૭ અને પરણેલી ? | ને પણિનલી ? |
| ૫૮ તમે ઘરેણાં કયાં ઘડાવો ? | તમોં ગન્ના કયોં કહ્ડાવો ? |
| ૫૯ રાત્રે, ગામમાં ભજન–બજન થાય ખરાં કે ? | રાતિ ગોમમાય પહ્નાં થંય ખરાં ક ? |
| ૬૦ ભજન કોણ બોલે ? | પંહ્નાં કુણ બુલિ ? |
| ૬૧ ગામમાં ભગતનાં ઘર ખરાં કે ? | તમાર ગોમમાંય પહ્ગતનાં કેહ્રાં સેં કે ? |
| ૬૨ ગામમાં કોઈ ભૂવો છે ? | ગોમમાંય કણૂ પૂહ્ઓ સે ? |
| ૬૩ તમને કેટલાં વરસ થયાં ? | તમય કતરાં વરસાં થાજ્જાં ? |
| ૬૪ ઓહો ! ઉમર જણાતી પણ નથી. | અતરાં વર થાજ્જાં અસેં ઈમ લાગતૂ નસીં સો. |
| ૬૫ આવજો, રામરામ. | આવજો; રોંમરોંમ. |
| ૬૬ વળી ફરી ક્યારેક મળીશું. | ફરીન કિરેક મળસાં |
| ૬૭ તમે રામરામ કેમ કરો છો એ તો બતાવો. | તમોં રોંમરોંમ કિમ કરોસો તીત પાહ્ળો. |
| ૬૮ અરે આતો બહુ મજાની રીત છે, એ, આવજો. | ઓં સો સ જ્જેત કઈક અસલ રીત સે, એઃ ય આવજો. |

## ખેતી

| | |
|---|---|
| ૬૯ અહીં ખેડવાણ જમીન ઓછી છે કે ? | અથેય ખેડ઼ાય ઈવી ઝમીં કમતી સ઼ે નિ ? |
| ૭૦ આ જમીન તો પથરાળ છે ને ? | જજે ઝમિ તે પૉણાળી સ઼ે નિ ? |
| ૭૧ તમારે કંઈ જમીન ખરી કે નહીં ? | તમાર કચ ઝમિપાળિ સ઼ે કે ? |
| ૭૨ કેટલી છે ? | કતરી સ઼ે ? |
| ૭૩ અગાઉ કેટલી હતી ? | પેલૉં કતરી અતી ? |
| ૭૪ ઓછી શાથી થઈ ગઈ ? | ઉસી કિમ થાજ્જી ? |
| ૭૫ તમારે કચારાવાળી જમીન ખરી કે ? | તમાર કચ કચારડ઼ાં ખરાં કે ? |
| ૭૬ બધી જમીન તમારા નામ પર છે ? | સ઼ેતિ ઝમિ તમાર નૉમ માથે સ઼ે ? |
| ૭૭ તમારી વાત સાચી છે, એમાંથી બધાંનું પૂરું શેં થાય ! | તમાર વાત સ઼ાસી સ઼, અતરી ઝમીમાય સ઼ેતાંનૂ પૂરૂ સ઼ેજ્જે થાય ? |
| ૭૮ ઓણસાલ વરસાદ કેવોક છે ? | ઉણ મિંહ કિવોક સ઼ે ? |
| ૭૯ દર સાલ આટલો જ પડે છે કે કંઈ વિશેષ ? | વર સાલ અતરોસ પડ઼ે સ઼ે ક કય વદાર ? |
| ૮૦ વરસાદ કેટલો થયો તે તમે કેવી રીતે વર્ણવો છો ? | કતરો મિંહ થાજ્જો તી તમોં સઁ કરીન કયો ? |
| ૮૧ વાવણી, કેટલો વરસાદ થાય ત્યારે કરો છો ? | કતરો મિંહ થાય તરે વાવો ? |
| ૮૨ વરસાદ અંગેની કંઈ કહેવતો ખરી કે ? | મિંહની કય કેત ખરી ક ? |
| ૮૩ આ બાજુ કયા કયા મુખ્ય પાક થાય છે ? | અથે ખાસ કયોંના કયોંના પાક થાય સ઼ે ? |
| ૮૪ આજે પણ પહેલાના જ પાક કરો છો ? | પેલા કરતા તીસ પાક આઝ કરો સ઼ો ? |
| ૮૫ ત્યાં મકાઈ સિવાય બીજું શું શું પાકે છે ? | જૂઆર સવાય બીઝૂ સ઼ૂં સ઼ૂં પાકે ન્આ ? |
| ૮૬ તમે કયાં કયાં ધાન નથી વાવતા ? | તમોં સ઼ૂં સ઼ૂં તાંહન નસીં વાવતા ? |
| ૮૭ ચોમાસામાં શું શું વાવો છો ? | સામાસ઼ામાય સૂં સ઼ૂં વાવો સ઼ો ? |
| ૮૮ શાકભાજી કેમ નથી વાવતા ? | સાકપાહઝિ સ઼ંય નસ઼ી કરતા ? |



| | |
|---|---|
| ૮૯ ખેતીનાં સાધનો તો ઘણા હશે. | ખિતીનાં સાદન તે કઈક અસ઼ે. |
| ૯૦ નવાં સુધારેલાં સાધનો લાવ્યા છો ? | નવી જાતનાં સાદન કય લાજ્જા સ઼ો ? |
| ૯૧ કયાં કયાં ? | સ઼ૂં સ઼ૂં ? |
| ૯૨ શિયાળુ પાક લો છો ખરા ? | સ્યાળૂ પાક કચ લીયો ખરા ? |
| ૯૩ આવા પાક પીતથી લો છો ? | એવા પાક પૉણિતસૂ લીયો ? |
| ૯૪ દાણા, ફેંકીને વાવો છો કે ચાસ નાંખીને ? | સ઼ાજ્જેર વાવો કે સાંસ઼ૂ |
| ૯૫ કેટલા વરસથી ચાસે વાવો છો ? | કતરાં વરસ઼ૂં સાસ઼ૂં કરો ? |
| ૯૬ કૂવામાં પાણી નથી આવતું ? | કૂઆમાય પૅાણી નસિ઼ આવતૂ ? |
| ૯૭ બંધ બંધાયો છે તેનો લાભ નથી લેતા ? | બદ બદાણો સ઼ે તિનો લાબ નસિ઼ લીતા ? |
| ૯૮ ખાતર કોઈ દિવસ નાંખ્યું જ નથી ? | ખાતેય્ર તે કેરેય દડ઼જૂસ નસિ઼ ? |
| ૯૯ હવે તો છાણિયા સિવાયનાં બીજાં ઘણાં ખાતર આવે છે. | ઇવાં તે ચ઼ાણઆ સવાયનાં બીઝોં કતરોં ખાતેય્ર આવેંય સ઼ેં. |
| ૧૦૦ ખાતર નાંખો તો પાક વધારે સારો થવાનો. | ખાતેય્ર દડ઼ો તે પાક વદાર અસલ થાય. |
| ૧૦૧ પરદેશી ખાતર, પાક બળી ન જાય તેમ સાચવીને નાંખવું હોં ? | વલાતી ખાતેય્ર પાક બળે નેં ઇમ સ઼ાસવિન દડ઼ઝો |
| ૧૦૨ ખેડ, ખાતર ને પાણી નસીબ ને લાવે તાણી. | ખેય્ડ઼, ખાતેય્ર ને પૉણી નસીબિ લાવે તૉણી. |
| ૧૦૩ ખેતરને પાળો પણ બાંધવો જોઈએ. | ખેતરિ પાળો તી દડ઼વો જૂજે. |
| ૧૦૪ ધોવાણ થતું હોય ત્યાં મહેનત કરીને પાળી બાંધી દેતા હો તો ? | ઝયાઁ ઝમિ તુહવાતી ઊગે બ્યોં પાળિ બાન્દી દેતા ઊગો તરે ? |
| ૧૦૫ ખાતરના પણ ખાડા કરતા હો તો ? | ખાતેય્રના તી ખાડા કરતા ઊગો તરે ? |
| ૧૦૬ તમે સુધરેલું બિયારણ નથી વાપરતા ? | તમોં સ઼ૂંદરીલૂ બીજ નસ઼ીં વાપરતા ? |
| ૧૦૭ એ પણ વાપરી તો જુઓ. | વુ તી વાપરીત ઝૂઓ. |

| | | |
|---|---|---|
| ૧૦૮ | એનાથી પાકનો ઉતારો સારો આવે છે. | વણાસ઼ૂ પાક ઠીક ઊતરે સ઼ે. |
| ૧૦૯ | ઘઉંની આ જાત ઘણી સારી છે. | ગઊનીં જજે જાત કઈક અસલ સ઼ે. |
| ૧૧૦ | એમાં ગેરુ નથી આવતો. | અણન્ધિ ગીરૂ નસ઼ીં આવતો. |
| ૧૧૧ | આ જાતને પાણુ પણ ઓછાં પાવાં પડે છે. | અણી જાતમૉંય પાંણેતિ ઊસી કરવી પડ઼ે સ઼ે. |
| ૧૧૨ | આંબા/બોરની કલમ કરો છો ખરા? | આંબા કે બુરય કલમ સડ઼ાવો ખરા? |
| ૧૧૩ | કલમી આંબો ત્રીજે વરસે તો ફળવા માંડે છે. | કલમી આંબૉ તીઝે વર તે ફળવા માણ્ડે સ઼ે. |
| ૧૧૪ | મોલ ઊગ્યા પછી તેમાં નીંદામણ કરો છો? | મોલ ઊગા પૂઠિ વણામાય નીંદૉંમણ કરો સ઼ો? |
| ૧૧૫ | હાથથી કે દાતરડીથી? | આથેસ઼ૂ કે દાતરીસ઼ૂ? |
| ૧૧૬ | કે પછી કોઈ બીજાં સાધન વડે? | કે પસે બીઝા કય સાદન સ઼ૂ? |
| ૧૧૭ | પાક તૈયાર થયા બાદ, પહેલાં દેવ-દેવીને ધરાવો છો? | પાક ત્યાર થાજ્જા પૂઠિ તમાર દેવ દેવજ્જય તહેરો? |
| ૧૧૮ | ત્યારે કંઈ ઉત્સવ જેવું હોય છે? | તરે કય ઊસ઼ા ઝેવૂ ઊગે? |
| ૧૧૯ | વરસ નીકળી જાય એટલું અનાજ પાકે છે? | વર નીકળિ અતરૂ અનાસ પાકે સ઼ે? |
| ૧૨૦ | અનાજને સંઘરો છો શામાં? | અનાસ સ઼ણામાય સ઼ગરો? |
| ૧૨૧ | અનાજ ખૂટે પછી શું કરો? | અનાસ ખૂટે પસ્સે સ઼ૂં કરો? |
| ૧૨૨ | તમે ધારો તો ખાવા જેટલું અનાજ તો જરૂર પકવી શકો. | તમાં તાહેરો તે ખાવા ઝતરૂ અનાસ તે ઝરૂર પકવી સ઼કો. |
| ૧૨૩ | તમે કોઈ કંદમૂળ ખાઓ છો? | તમાં કય કદમૂળ ખૉ સ઼ો? |
| ૧૨૪ | કયાં કયાં? | કયોંનાં કયોંનાં? |
| ૧૨૫ | મીઠાં અને કડવાં બંને મહુડાં ખાઓ છો? | મીઠોં ને કડ઼ૂઆં બેઈ મઊડ઼ાં તી ખૉ? |
| ૧૨૬ | મહુડાંનો મીણો ચડે ખરો? | મઊડ઼ાં ન મેણો સડ઼ે? |
| ૧૨૭ | તમારે કેટલા મહુડા છે? | તમાર કતરા મઊડ઼ા સ઼ે? |
| ૧૨૮ | તમારે મહુડાંનો ઉતાર કેટલો? | સ઼ેતાં થાય ને વરસ઼ે દાડ઼ે તમાર કતરાં મઊડ઼ાં ઊતરેં? |



| | | |
|---|---|---|
| ૧૨૯ | જમીન સરખી કરવા સરકારી મદદ મળે છે એ તો જાણો છો ને? | ઝમિ સ઼રખિ કરવા સરકારી મદેત મળે તી તે જોંણોસ઼ોનિ? |
| ૧૩૦ | હું આદિવાસી વિકાસ ઘટકનું ખેતીવાડી અંગેનું કામ સંભાળું છું. | ઊં બલોકમોંય ખેતીનૂં કૉમ સ઼બાળૂ સ઼ૂં |
| ૧૩૧ | હું કહું તે મુજબ ખાતરના ખાડા બનાવશો તો તમને મદદ મળશે. | ઊં કેઊં તિમ ખાતેય્રના ખાડા બનાવસ઼ો તે મદેય્ત મળસ઼ે. |
| ૧૩૨ | પણ મહેનત આપણે ચૂકવી નહીં હોં? | પૉણ આપડ઼ે મિણેત તે કરવાનૂ સ઼ૂકણૂ નેંય. |
| ૧૩૩ | ખેતીનું સાધન ભાંગ્યું તૂટયું હોય તોપણ તમને જરૂર રાહત આપી શકાય. | ખીતીનૂ સાદન પાંહ્ગૂ તૂટૂ ઊગે તે એ મદેય્ત મળિ. |
| ૧૩૪ | કૂવા અંગેની મદદ મળે છે તે તો તમે જાણો છો ને? | કૂવાની મદેય્ત મળે તી તે તમોં જોંણોસ઼ો નિ? |
| ૧૩૫ | તગાવી પણ મળે છે. | તગારિ તી મળે સ઼ે. |
| ૧૩૬ | એ માટે અરજી કરો. | વણાસ઼ાર તમોં અરજિ કરો. |
| ૧૩૭ | લાવો, હું અરજી કરી આપું. | લાવો, ઊં અરજિ કરી આલૂં. |
| ૧૩૮ | અરજી સાથે ૭/૧૨નો ઉતારો જોડવો પડશે. | અરજિ સ઼ાતિ સ઼ાત-બારનો ઊતારો જુડ઼વેં પડ઼સ઼ેં. |
| ૧૩૯ | એ તલાટી પાસેથી મળશે. | વી તળાટી પાસ઼િસ઼ુ મળસ઼ેં. |
| ૧૪૦ | ખાતર તમારા ગામની સહકારી-મંડળીમાં આવી જશે. | ખાતેય્ર તમાર ગૉમની સીસ઼ૂટિમાય આવી જાસ઼ે. |
| ૧૪૧ | ના, ના, એ અંગે તો તમારે વિકાસ ઘટકની ઑફિસે આવવું જોઈએ. | નોં, નોં, અણાસ઼ાર તે તમાર બલોક ની ઓપીસમાય આવણૂ પડ઼સ઼ેં. |
| ૧૪૨ | પાળા અંગેની મદદ તો તમારા ગામના ઘણા ભાઈઓએ લીધી છે. | પાળાની મદેય્ત તે તમાર ગૉમમાંય ગણા જણિ લીદી સ઼ે. |
| ૧૪૩ | પાકના રોગની દવાઓ તો ઘણી છે, સાચવીને વાપરજો. | પાકના રોગની દવા તે ગણી સ઼ેં, સ઼ાસવીને વાપરઝો. |

| | |
|---|---|
| ૧૪૪ સરકાર એમાં પણ મદદ તો કરે જ છે. | સરકાર વણામાય તી મદ્દેત તે કરેસ સે. |
| ૧૪૫ પંચાયતની ઑફિસે ચિત્રો ચોંટાડયાં છે તે જોયાં? | પન્સાતની ઑપીસે સબી ટીગાડ઼જ્જી સેં તી જૂજ્જી ? |
| ૧૪૬ દવા છાંટયા પછી છોડ કેવા જામે છે તે તેમાં જોયું? | દવા સાંટય્યા પૂઠિ સોડૂઓ કિવા જામેસે તી તમંય જૂઝૂ ? |
| ૧૪૭ થાય એટલી મહેનત તો કરવી જ જોઈએ. | થાય અતરી મિણેત તે કરવી સ જૂજ્જે. |
| ૧૪૮ બધું જ સરકાર કયાંથી કરી દે? | સેતૂ સરકાર કિહે કરી દીંસીં ? |
| ૧૪૯ આપણા ઘરમાંય સહુથી થાય તેટલું કામ તો આપણે કરીએ જ છીએ ને? | આપડા કૈહરમાતી આપડાસૂ જતરૂ થાય અતરૂ કૌમ તે આપડાં કરાં સ સાં નેય ? |
| ૧૫૦ આ વાત બીજાને પણ સમજાવજો. | જજે વાત બીઝય તી સમઝાવજો. |

## જંગલ

| | |
|---|---|
| ૧૫૧ આ જંગલ તો ઘણું મોટું દેખાય છે. | જજૂ જગળ તે કઈકિ મુટ્ટૂ દેખાય સે. |
| ૧૫૨ તેમાં સાગ અને મહુડા ઘણા લાગે છે. | અણામાય સાગડા ને મળિડા ગણા ઊગીં ઈમ લાગે સે. |
| ૧૫૩ જંગલની પેદાશ કઈ કઈ છે? | જગળમાય સૂ સૂ થાય સે ? |
| ૧૫૪ તમે ગુંદર એકઠો કરો છો? | તમીં ખડાં ઈટકાં કરો સો ? |
| ૧૫૫ કોલસા પાડો છો? | મચા પાડો સો ? |
| ૧૫૬ કરમદાં અને મહુડાં પણ લાવો છો? | કમદાં ને મળિડાં તી લાવો સો ? |
| ૧૫૭ ઘાસ લાવો છો? | ચાર લાવો સો ? |
| ૧૫૮ ટીમરુનાં પાન વીણો છો? | ટીબરૂઆનાં પૉનાં વિણો સો ? |
| ૧૫૯ તમને કોઈ હેરાન તો નથી કરતું ને? | તમય કણૂ એરાન તે નસિ કરતૂ ને ? |
| ૧૬૦ બીટગાર્ડ જંગલની રખેવાળી માટે આવે છે? | બીટગ્યાડ ડૂગરાન રખવાળિ કરવા આવે સે ? |



| | |
|---|---|
| ૧૬૧ તમારે શું લઈ જવું છે? | તમાર સૂં લય જાવૂં સે ? |
| ૧૬૨ એ તો રેન્જર સાહેબને પૂછી જોજો. | જજૂ તે જગળ ખાતાન સાયબિ પૂસી જુજ્જો. |
| ૧૬૩ જંગલખાતાની ઑફિસે આવજો. | જગળ ખાતા ન ઓપીસે આવજો. |
| ૧૬૪ આ લાકડાં કયાંથી કાપી લાવ્યા? | જજાં લાકડોં કિસાં કાપિ લાજ્જાં ? |
| ૧૬૫ લાકડાં પૂછીને કાપવાં જોઈએ, જેથી ગૂનો ન થાય. | લાકડાં પૂસીને કાપણું જૂજે, તણે ગનો નેય થાય. |
| ૧૬૬ જ્યાંથી લાકડાં કાપવાની છૂટ છે ત્યાંથી જ કાપો. | જેસોં લાકડાં કાપણાની સૂટ સે વેંસોંસ લાકડાં કાપો. |
| ૧૬૭ આ પરવાનો તમને ઘરકામનાં લાકડાં માટે આપવામાં આવે છે. | જજે સીટિ કકૈત કૈહર કે ખીતીના લાકડોં સારૂસ આલવામોંય આજ્જી સે. |
| ૧૬૮ તમારે પથ્થર કાઢવા છે? | તમાર પૉણા કાડવા સે ? |
| ૧૬૯ કયાંથી? | કેસાં ? |
| ૧૭૦ પથ્થર શેમાં લઈ જવાના છો? | પૉણા સણામોંય લય ઝાવાના સો ? |
| ૧૭૧ ગાડામાં? | ગાડામાય ? |
| ૧૭૨ ત્યાં ગાડાચીલો છે? | વ્યોં ગાડાસીલો સે ? |
| ૧૭૩ તમારી પાસે વાંસ કાપવાનો પરવાનો છે? | તમાર પાસે કેણોં કે વાસડા કાપણાનો પાસ—ની સીટિ—સે ? |
| ૧૭૪ પાસ કયારે મેળવ્યો? | સીટિ કેરે મેળવજ્જી ? |
| ૧૭૫ કોની પાસેથી મેળવ્યો? | કણા પાસેસિમેળવજ્જી ? |
| ૧૭૬ પણ તમે તો આ ભૂલથી કર્યું જણાય છે. | પૉણ તમંય તે જજ પૂહલસ કીદૂ ઊગે ઈમ લાગે સે. |
| ૧૭૭ આવી દાદાગીરી કરશો તો પસ્તાશો. | ઈમ સડાણિ થાસો તે પસ્તાસો. |
| ૧૭૮ આવું કરશો તો દંડ થશે. | ઈમ કરસો તે ડડ થાસે. |
| ૧૭૯ પેલાં ઢોર કોનાં છે? | વોં ટડાં કિનોં સે ? |
| ૧૮૦ આમ જંગલની અંદર ઢોર ચરાવો નહીં. | એમ વગડામાય ટડાં રખે સરાવો. |
| ૧૮૧ ઢોરને પેલી બાજુ લઈ જાઓ. | ટડાંય વણી આડ લઈ ઝો. |
| ૧૮૨ તમે તીરથી શાનો શિકાર કર્યો? | તમીં સજ્જેસ સં માજ્જં ? |

| | | |
|---|---|---|
| ૧૮૩ | મોરને મરાય નહીં. | મોર નિ મરાય. |
| ૧૮૪ | બંદૂકનો પણ ઉપયોગ કરો છો? | બદૂખ તી વાપરો સ઼ો ? |
| ૧૮૫ | અહીં શિકારની મનાઈ છે. | ન્યોં સીકારની મના સ઼ે. |
| ૧૮૬ | માથે ઊપડે તેટલાં લાકડાં જરૂર લઈ લો. | માથા પાહ્‌ર લાકડોં જરૂર લઈ ઝો. |
| ૧૮૭ | ઘર બનાવવા માટેના વાંસ અંગે અરજી કરજો. | કેહ્‌ર બણાવણાના વોંસ઼ડ઼ાસ઼ાર અરજિ કરજો. |
| ૧૮૮ | આ તમારા હાથમાં શેનો છોડ છે? | જજી તમાર આથમોંય સ઼ીનો સોડ઼્યો સ઼ે ? |
| ૧૮૯ | એનો દવામાં ઉપયોગ થાય છે? | જજી દવયમોંય વપરાય ? |
| ૧૯૦ | તમે તો આવી ઘણી દવાઓ જાણતા હશો, નહીં? | તમોં તે ઇવી ગણી દવા જાણુતા અસ઼ે નેંય ? |
| ૧૯૧ | આ છોકરીએ ટોપલીમાં શું લીધું છે? | અણી સ્રૂરજ્જિ ટુપલીમાય સ઼ું લીદૂ સ઼ે ? |
| ૧૯૨ | તમને આમળાંમાંથી કેટલા પૈસા મળે છે? | તમંય આમળામાસ઼ા કતરા દૂકડ઼ા મળોં સ઼ે ? |
| ૧૯૩ | જંગલનો કંઈક ઉદ્યોગ ઊભો થાય તો તમને કામ કરવું ગમે? | જ઼ગળનૂ કઈક કોમ સરૂ થાય તે તમય કોમ કરવૂ ગમે ? |
| ૧૯૪ | અહીં વાઘ-દીપડા તો હશે જ. | ન્આ વાગ કે સીતરા તે અસ઼ેં સ. |
| ૧૯૫ | અને હરણાંઓ? | ને અન્નોં ? |
| ૧૯૬ | અહીં અજગર જોવા મળે છે? | ન્આ અઝગેય્ર ઝોવા મળે સ઼ે ? |
| ૧૯૭ | સાપ તો બહુ હશે ખરું? | સ઼ાપ તે ગણા અસ઼ે નીં ? |
| ૧૯૮ | વાઘ-દીપડો હુમલો કરે તો શું કરો? | વાગ કે સીતરો માથે પડ઼ે ત સ઼ૂં કરો? |
| ૧૯૯ | સાપ કરડે તો સાપને ઉતરાવો છો? | સ઼ાપ કડે તે સ઼ાપય ઊતરાવો ? |
| ૨૦૦ | દવા ન કરો? | ઊખેદ નિં કરો ? |
| ૨૦૧ | તમે તો ઘણાંબધાં ઝાડને ઓળખતા હશો. | તમોં તે કતરાં બાદાં ઝાડ઼ય ઓળખેતા અસ઼ેંય. |
| ૨૦૨ | ઘણાં ઝાડનાં ફૂલોની ભાજી થાય છે ખરું ને? | કતરાંક ઝાડ઼ાંન ફૂલાંન પાહ્‌ઝિ થાય ખરૂ ન ? |



| | | |
|---|---|---|
| ૨૦૩ | જંગલમાં દવ લાગે ત્યારે સહુએ મદદ કરવી જોઈએ. | વગડ઼ામાય દેવ્વ લાગે તરે સ઼ેતાય તાહ્‌મે વળવૂ જૂઝે. |
| ૨૦૪ | જંગલમાં દેવતા નાંખશો નહીં. | વગડ઼ામાય આગ મિલો રખે. |
| ૨૦૫ | આ, સહુને બોલાવવા માટેનો ઢોલ વાગે છે? | જજી ટોહ્‌લ સ઼ેતય પેહ્‌ગા કરવાનો વાજે સ઼ે ? |
| ૨૦૬ | જંગલના રસ્તા સરખા કરે ત્યારે તમે કામે જાઓ છો? | વગડ઼ાના મારગ સ઼મા કરિંય તરે તમોં કામે ઝો ? |
| ૨૦૭ | ત્યારે કેટલી મજૂરી મળે છે? | તરે કતરી મઝૂરી મળે ? |
| ૨૦૮ | જંગલ વધે એ માટે તમારે અમને સહકાર આપવો જોઈએ. | જ઼ગળ અસલ થાય તણેંય તમારે અમય સ઼ાત આલવો જૂઝે |
| ૨૦૯ | કટાઈ વખતે તો તમે આવશો ને? | કટાઈ થાય તરે તે તમોં આવસ઼ો ને ? |
| ૨૧૦ | કોન્ટ્રાક્ટરે પણ મજૂરો તો રાખવા જ પડશે ને? | કન્તરાટિનિ તી મજૂર તે રાખવા સ પડ઼સિ઼ નિં ? |
| ૨૧૧ | તમને વાંસમાંથી કશી વસ્તુ બનાવતાં આવડે છે? | તમય કેણામાંસ઼ી કઈ વસ્તૂ બણાવતાં આવડ઼ે ? |
| ૨૧૨ | તમારું ખેતર જંગલની વચ્ચે છે? | તમાર ખેતેય્ર વગડ઼ાની વેસિ સ઼ે ? |
| ૨૧૩ | તમને આજુબાજુનું જંગલ વિકસાવવા આપે તો ગમે કે? | તમય આઝૂબાઝૂનૂ જ઼ગળ ઊસેરવા આલે તે ગમે ખરૂ ? |
| ૨૧૪ | ખરી રીતે તો જંગલ તમારું જ છે ને? | સ઼ાસ઼ૂ કેવા જો તે જગળ તમારૂ સ સ઼ેનેય ? |
| ૨૧૫ | તમારું તમે સાચવો. | તમાર તમોં સ઼ાસવો. |

## સામાજિક

| | | |
|---|---|---|
| ૨૧૬ | આ ગામનું નામ શું છે? | અણા ગોમનૂં નોમ સ઼ું સ઼ે ? |
| ૨૧૭ | એ નામ કેમ પડયું તે જાણો છો? | સ઼ણેસ઼ૂ જજૂ નોમ પડ઼જૂ તી તમોં જ઼ાણો સ઼ો ? |
| ૨૧૮ | તમારા ગામની વસતિ કેટલી હશે? | તમાર ગોમમાય સ઼ેતોં થાયને કતરાં મોનવી અસ઼ેંય ? |
| ૨૧૯ | તમારા ગામના ભાગ કેટલા? | તમાર ગોમનાઁ પાડ઼ા કતરા ? |
| ૨૨૦ | કેટલાં ફળિયાં હશે? | કતરાં ફળ્યાં અસ઼ેંય ? |

| | |
|---|---|
| ૨૨૧ ગામમાં કઈ કઈ જાતિઓ છે? | ગૉમમાય ફૂણફૂણ જાતિ સૅંય? |
| ૨૨૨ તમારી જાતિનાં કેટલાં ઘર છે? | તમાર નાતનોં કતરાં કેહરાં? |
| ૨૨૩ તમારું ગોત્ર કયું? | તમો સૂં બુલાવો? |
| ૨૨૪ તમારી અટક કઈ? | તમાર સૂં અડ઼ખ? |
| ૨૨૫ બિન આદિવાસીઓ સાથે સંપ તો છે ને? | અથેના પરનાતીલા સાતેય સ઼પ તે સ઼ે નૅય? |
| ૨૨૬ ભાઈ, હું તો અહીં આદિવાસી વિકાસઘટક અધિકારી છું. | પાહ્ય ઊં તે ન્આં બલોકનો વડ઼ો સાઈબ સ઼ૂં. |
| ૨૨૭ તમારાથી નજીકમાં બીજું મોટું ગામ કયું છે? | તમાર ઈસ઼ૂક ટૂહકડ઼ૂ બીઝૂ ગૉમ કીયૂ? |
| ૨૨૮ ગામમાં તળાવ કે નદી નથી? | ગૉમમાય તળાવ કે નય નસ઼ીં? |
| ૨૨૯ ગામકૂવો તો છે ને? | ગૉમનો કૂવો તે સ઼ે ને? |
| ૨૩૦ દવાખાનું તો છેક તાલુકે છે, ખરું ને? | દવાઈખૉનૂ તે ઠેટ તાલૂકે સ઼ે, નિં? |
| ૨૩૧ પણ ગામમાં દવાપેટી તો હશેને? | પૉણ ગૉમમાય દવાપેટી તે અસિ઼ નૅય? |
| ૨૩૨ સરપંચને પૂછી જોજો. | સરપસેય પૂસી જઝો. |
| ૨૩૩ ગામમાં ભગત કેટલાક છે? | ગૉમમાય પહગત કતરા? |
| ૨૩૪ ભોપાય હશે તો ખરાને? | પોહપા તી અસ઼ેં ત ખરા ને? |
| ૨૩૫ ઠીક, આ બેઉમાં ફેર શું એ તો કહો. | ઠીક, અણા બેયામોંય ફેર સૂં તી તે કચો. |
| ૨૩૬ ગામના સરપંચ કોણ છે? | ગૉમના સરપસ કુણ સ઼ેંય? |
| ૨૩૭ એમનું ઘર કયું? | વણાનૂ કેહર કયાઁનૂ? |
| ૨૩૮ આદિવાસીને સરપંચ તરીકે કેમ ચૂંટતા નથી? | આદીવાસ્યેય કિમ સરપસ નસ઼ીં સૂંટતા? |
| ૨૩૯ પંચાયતના મંત્રી ક્યાં ગયા છે? | પન્સાતનાં મન્ત્રી ક્યાં ગીજ્જા–સૅંય? |
| ૨૪૦ અહીં તો ગ્રામસેવક પણ છે ને? | ન્આ તે ગૉમસેવક તી સૅં ને? |
| ૨૪૧ ગ્રામસેવિકા બહેન પણ આ ગામમાં જ રહે છે? | ગૉમ સેવીકા તી ન્આસ રૅય સ઼ે નૅ? |



| | |
|---|---|
| ૨૪૨ ગામની હદ ક્યાં સુધી છે? | ગૉમની અદ ક્યાં સ઼ૂદી સ઼ે? |
| ૨૪૩ તમારી સહુની પાસે થોડી ઝાઝી જમીન તો છે, ખરું ને? | તમો પાસ઼ે થોડ઼ીક તે ઝમીં અસ઼ેંસ ને? |
| ૨૪૪ સામે ટેકરી દેખાય છે ત્યાંસુધી ગામની હદ છે? | સ઼ૉમેની ડૂગરી સ઼ૂદી અણો ગૉમની અદ સ઼ે? |
| ૨૪૫ એ ટેકરીનું નામ શું છે? | વણી ડૂગરી ન સ઼ૂં નૉમ સ઼ે? |
| ૨૪૬ અને પેલી આ બાજુ દેખાય તેનું નામ? | અણી આડ દેખાય તણી ડૂગરી ન સ઼ૂં નૉમ સ઼ે? |
| ૨૪૭ ટેકરી પર દેરી જેવું શું દેખાય છે? | ને ડૂગરી માથે દિરિ જેવૂ સ઼ૂં સ઼ે? |
| ૨૪૮ પેલા માટીના ઘોડા કેમ મૂકયા છે? | વા ગારના કોહડ઼ા સ઼ૂંય મેલ્યા સ઼ે? |
| ૨૪૯ આ સિવાય તમારા દેવ કયા કયા? | અણા સવાય તમાર દીવદીવી ફૂણફૂણ સ઼ે? |
| ૨૫૦ ગામમાં એકે મંદિર ખરું? | ગૉમમાય એકે દિરૂ ખરૂ? |
| ૨૫૧ તમારા દેવનું મંદિર છે? | તમાર દેવનૂ દિરૂ સ઼ે? |
| ૨૫૨ પણ ધજા તો રાખોને? | પૉણ તહજા ત રાખોને? |
| ૨૫૩ નાળિયેર પણ વધેરતા જ હશો ને? | નારેળ તી ફુડ઼તાસ સ઼ેં નૅય? |
| ૨૫૪ દસેરાને દિવસે પાડો ચડાવાય? | દસ઼રાન દાડ઼ે પાડો સડ઼ાવાય? |
| ૨૫૫ હવે દેવને બોકડો ચડાવાય છે ખરો? | એવાં તમાર દેવય બોકડ઼ો સડ઼ાવો ખરા? |
| ૨૫૬ અને મરઘાં–બતકાં? | ને કૂકડ઼ાં? |
| ૨૫૭ એ દેવસ્થાને મેળો પણ ભરાય છે? | વણી દિર્જિજ મેળો તી પહરાય? |
| ૨૫૮ એ મેળાનું નામ શું કહેવાય છે? | વણા મેળાનૂં નૉમ સ઼ૂ સ઼ે? |
| ૨૫૯ મેળામાંથી શું લાવ્યા? | મેળામાં સૂ સૂં લાજ્જા? |
| ૨૬૦ મેળામાં મઝા પડી હશે. | મેળામાય મઝા પડ઼જ્જી અસિ઼. |
| ૨૬૧ તમારું જાતિપંચ છે ખરું? | તમાર નાતીનૂ પસ્સ સ઼ે ખરૂ? |
| ૨૬૨ પંચાયત કરતાં જાતિપંચનું વર્ચસ્વ વધારે ખરું કે? | પન્સાત કરતોં પસનૂ વદાર સાલે ઈવૂ ખરૂ? |

| | |
|---|---|
| ૨૬૩ તમારા ગામમાં આંતરિક ઝગડા કોણ પતાવે ? | તમાર ગોંમમાય માયમાયનોં વગરા કુણુ પટાવે ? |
| ૨૬૪ તમારી જાતિના ઝગડા તમારું પંચ પતાવે છે ? | તમારા નાતીના વગરા તમાર પસ્સ પટાવે સ઼ે ? |
| ૨૬૫ બાજુના ગામ સાથે કંઈ ઝગડા થાય ખરા કે ? | પાસેના ગોંમ સાતિ કઈ વગરા થંઈ ખરા ? |
| ૨૬૬ મારામારી પણ થાય છે ? | ફૂટમફૂટા તી થંય સ઼ે ? |
| ૨૬૭ હવે ખૂન થતાં તો બંધ થઈ ગયાં હશે. | એવાં ખૂન થાતાં તે બદ થાય ગીજ્જાં અસ઼ેંય. |
| ૨૬૮ હું તો આ વિસ્તારનો પોલિસ અમલદાર છું. | ઊં તે અણા ગોંમાસ઼ારનો પુળીસ અમલદાર સ઼ૂં. |
| ૨૬૯ ફોજદાર સાહેબને મદદ તો કરવી જોઈએ. | ફોદૃાર સાયબિ મદેશ્ત તે કરવી સ જુઝેય. |
| ૨૭૦ પોલિસ તો તમને મદદ કરવા માટે છે. | પોલીસ તે તમય મદેશ્ત કરવા સ઼ાર સ઼ે. |
| ૨૭૧ તમે એમ કાયદો હાથમાં લઈ લો તે બરાબર નથી. | તમોંવેં ઇમ સરકારનો ગનો થાય ઇ કરવા માંડો તી બરાબર નસીં. |
| ૨૭૨ સરકારી માણસને તમારાથી મારી શકાય નહીં. | સરકારી આદમ્જે તમોં મારી નીં સ઼ેકો. |
| ૨૭૩ ગામમાં સહકારી મંડળી છે ? | ગોંમમાય સીસૂટી સ઼ે ? |
| ૨૭૪ તમે કેમ તેના સભ્ય થતા નથી ? | તમોં કિમ મેમર નસ઼ી થાતા ? |
| ૨૭૫ આ ભાઈ સભ્ય છે ? | જ્જા પાઇ્ચ મેમર સ઼ે ? |
| ૨૭૬ હું તો આદિવાસી વિકાસ ઘટકનો સહકારી અધિકારી છું. | ઊં તે બ્લોકનો સીસૂટચ્યાંનો સાય્બ સૂં. |
| ૨૭૭ શાની સહકારી મંડળી છે ? | સ઼િનિ સીસૂટી સ઼ે ? |
| ૨૭૮ મંડળીના પ્રમુખ કોણ છે ? | સીસૂટીના પરમૂક કુણુ સ઼ે ? |
| ૨૭૯ સભ્યો કેટલા છે તે જાણો છો ? | સભ્યાં કતરાં સ઼ે તી જાણોસ઼ે ? |
| ૨૮૦ ગ્રામસેવક સહકારી મંડળીના પણ મંત્રી છે ? | ગરોંમસેવક સીસૂટીના તી મત્રી સ઼ે ? |
| ૨૮૧ સહકારી મંડળીના મંત્રી કોણ છે? | સીસૂટીના મત્રી કુણુ સ઼ે ? |



| | |
|---|---|
| ૨૮૨ તમારો પૈસો તમારા જ ગામમાં રહે તે સારું ને ? | તમાર કમાય તમાર ગોંમમાય સ રે તી અસલ ને ? |
| ૨૮૩ થોડા સભ્યો વધારો તો સારું. | થુડા સભ્યાં વદારો તે અસલ. |
| ૨૮૪ એવા ફોર્મ માટે તો તમે ઑફિસે આવો તો સારું. | અણા ફોરમસ઼ાર તે તમોં ઓપીસે આવો તે ઠીક. |
| ૨૮૫ આ સિવાય બીજી પણ ઘણી મદદ હોય છે. | અણા સવાય બીઝી તી ગણી – મદેશ્ત તી ઊગેંય. |
| ૨૮૬ નિશાળનું મકાન આ જ કે ? | નિસ઼ાળનૂ મકાન જ્જૂસ કે ? |
| ૨૮૭ કેટલાં ધોરણ સુધીની નિશાળ છે ? | કતરી સોપડ઼જ્જાં સ઼ૂદીનિ નિસ઼ાળ સ઼ે ? |
| ૨૮૮ હું તો સમાજશિક્ષણ અધિકારી છું. | ઊં તે સમાજ સિકસાણ અમલદાર સ઼ૂં. |
| ૨૮૯ આદિવાસી સિવાયનાં, શાળામાં કેટલાં બાળકો છે ? | આદીવાસી સવાયનાં બીઝાં કતરાં સુરાં સેંય ? |
| ૨૯૦ શિક્ષક આદિવાસી છે કે બિન-આદિવાસી ? | માસ્તર આદીવાસી સ઼ે કે બીઝી જાતનો ? |
| ૨૯૧ તમારી બોલી શિક્ષક સમજે છે ? | તમાર બુલિ માસ્તર સ઼મઝે સ઼ે ? |
| ૨૯૨ તમે તેની બોલી સમજો છો ? | તમોં વે નિ બુલિ સ઼મઝો સ઼ો ? |
| ૨૯૩ આદિવાસી બાળકો શરૂઆતનાં ધોરણોમાં ગુજરાતી સમજી શકે છે ? | આદીવાસી સુરાં પેલી-બીઝી સોપડ઼ી સદાં માસ્તરની બુલિ સમઝી સકેંય ? |
| ૨૯૪ તમને ગુજરાતી બરાબર સમજાય કે ? | તમય ગુજરાતી અસલ સમ્ઝાય ? |
| ૨૯૫ નિશાળના મકાન અંગે તો તમારા ગામે પણ કંઈક તો મદદ કરવી જ જોઈએ. | નિસ઼ાળના મકાન સાર તે તમાર સ઼ેતા ગામેંય તી મદેશ્ત કરવી જૂઝે. |
| ૨૯૬ સંપીને સહકારથી કરો તો બધું થાય. | સ઼પ સ઼ૂ મળિન કરો તે સ઼ેતૂ થાય. |
| ૨૯૭ મહેનત તો આપણાથી થાય ને ? | મેણ્ગ્ત તે આપડ઼ાસ઼ૂ થાય ને ? |
| ૨૯૮ આશ્રમશાળા અહીંથી કેટલી દૂર છે ? | આસરમ ઈસ઼ો કતરો સેટો સ઼ે ? |

| | | |
|---|---|---|
| ૨૯૯ | હાઈસ્કૂલ કેટલી દૂર છે? | અગરેસી નિસ઼ાળ ઈસ઼ેં કતરી સેટી સ઼ે ? |
| ૩૦૦ | આ ગામના છોકરાઓ આશ્રમ શાળામાં તો છે ને? | અણા ગોમના સુરાં આસરમ માય તે સેં નેંય ? |
| ૩૦૧ | છાત્રાલયમાં રહે તેને તો રહેવા જમવાની મદદ મળે છે. | સાત્રાલયેણમાય રેંય તણ્ય તે રેવા–ખાવા ન તે મદેસ્ત મળે સ઼ે. |
| ૩૦૨ | કપડાંની પણ મદદ અપાય છે. | લબરાંની તી મદેસ્ત અલાય સ઼ે. |
| ૩૦૩ | થોડી મુશ્કેલી વેઠીને પણ એકાદ છોકરાને તો ભણાવો. | થોડ઼ીક મૂસીબત વિઠિનિ તી એક–સ઼ાક સુરાય તે પઉ્ણાવો. |
| ૩૦૪ | તમારા ઘરમાંથી કોઈ ભણવા જાય છે? | તમાર કેઉ્રમાસ઼ૂ કણૂ પઉ્ણવા જાય સ઼ે ? |
| ૩૦૫ | કઈ ચોપડી ભણે છે ? | ક્યાંનિ સોપડ઼ી પઉ્ણે સ઼ે ? |
| ૩૦૬ | નિશાળમાં રજા તો ઘણી પડે છે. | નિસ઼ાળમાય રજા ત ગણી પડ઼ેંય. |
| ૩૦૭ | તમને, કયા મહિનામાં છોકરાને રજા હોય તે ગમે ? | તમંય કણા મયનામાય સુરાન રજા ઊગે ત ગમેંય ? |
| ૩૦૮ | એક ગાઉ બહુ દૂર ન કહેવાય. | એક ગાઊ તે કઈ સેટ્ટ નીં કેવાય. |
| ૩૦૯ | નિશાળે પહોંચવા માટે સારો રસ્તો નથી ? | નિસ઼ાળિ ઝાવા સ઼ાર અસલ વાટ નસ઼ીં ? |
| ૩૧૦ | તમારા ગામથી રસ્તો તો બાંધવો છે. | તમાર ગોમસ઼ૂ મારગ તે બોન્દવો સ઼ે. |
| ૩૧૧ | હું તો વિકાસઘટકનો બાંધકામ અધિકારી છું. | ઊં તે બલોકનો બોન્દકોમ અમલદાર સ઼ૂં. |
| ૩૧૨ | તમે નિશાળ વખતે મહેનત કરી તેવી રસ્તા વખતે કરશો ? | તમંય નિસ઼ાળ વખતે મેણ્સ્ત કીદી એવી મારગ બાન્દવામાય કરસ઼ો ? |
| ૩૧૩ | એટલો બધો પહોળો રસ્તો જરૂરી નથી. | અતરો બાદો પોળો મારગ જરૂરતો નસ઼ીં. |
| ૩૧૪ | પાદરની નદી ઉપરનું નાળું બહુ જરૂરી છે કેમ ? | પાદેસ્રની નય માથેનૂ નાળૂ ખાસ જરૂરી સ઼ે નેંય ? |
| ૩૧૫ | પૂલનું તો હમણાં ખર્ચ થાય તેમ નથી. | પલનૂ તે એવોં ખરસ કરી સ઼કાય એમ નસ઼ીં. |
| ૩૧૬ | કાચો રસ્તો શરૂ કરવાનો છે. | કાસો રસ્તો સરૂ કરવાનો સ઼ે. |
| ૩૧૭ | તમારા ગામમાંથી મજૂરો મળશે ? | તમારા ગોમમાસ઼ા મઝૂર મળસ઼ેંય. |



| | | |
|---|---|---|
| ૩૧૮ | મજૂરીના દર શું ચાલે છે ? | દોનગી સ઼ૂં સ઼ે ? |
| ૩૧૯ | એટલી બધી તો મજૂરી નહીં હોય. | અતરી બાદી દોન્ગી તે નયસ ઊગે. |
| ૩૨૦ | સરકાર પાસે પણ આપણા જ પૈસા છે તે ભૂલો નહીં. | સરકાર પાસ઼ે તી આપડ઼ાસ દુકડ઼ા સ઼ેંય તી પૂઉ્લો રખે. |
| ૩૨૧ | તે ઝાડનો ઓટલો તો પંચાયત બનાવી આપશે. | વણા જાડ઼ેય ઉટલો તે પન્સાત બણાવિ આલસ઼ેંય |
| ૩૨૨ | હું તો આ વિસ્તારમાં હમણાં જ આવી છું. | ઊં તે અથેય થોડ઼ાક દનસ઼ૂસ સ઼ૂં |
| ૩૨૩ | મારું નામ રમાબહેન છે. | માર નોમ રમાબેન સ઼ે. |
| ૩૨૪ | કામ તો આપણે રોજ હોય જ છે ને ! | કોમ તે દાડ઼ૂ ઊગેસનિ ! |
| ૩૨૫ | આ નદીમાં નાહી આવતા હો તો ? | અણી નયમાય જીલિ આવતા ઊગો તરે ? |
| ૩૨૬ | છોકરાંઓને પણ નવરાવો તો શું વાંધો ? | સુરય તી જીલાડ઼ો તો સ઼ૂં વાંદો ? |
| ૩૨૭ | પાણી ન હોય તો તો મુશ્કેલ પડે ખરું. | પોણી ની ઊગે તે તકલીત પડ઼ે ખરી. |
| ૩૨૮ | તમારે, બહેન, કેટલાં છોકરાં છે ? | તમાર, બાઈ, કતરાં સુરાં સ઼ે ? |
| ૩૨૯ | એ તો ઘણા કહેવાય. | અતરાં ત કઈક થાજજાં. |
| ૩૩૦ | મારે તો બે જ છે. | મારે તે બીઊસ સેંય. |
| ૩૩૧ | મારે એટલાં હોય તો તો હું ખવડાવું શું ? | માર તે અતરાં બાદાં ઊગેંય તે ખવડ઼ાવૂ સ઼ૂં ? |
| ૩૩૨ | આ વાત પણ આપણે સમજવી જોઈએ, બહેન. | જજે વાત તી આપડ઼ે સ઼મઝવી જૂઝે. |
| ૩૩૩ | વધારે નહીં તો એકાદ છોકરી-ને પણ ભણાવો તો સારું. | વદાર નીં તે એકસ઼િક સુરિ પઉ્ણાવો તેય ઠીક. |
| ૩૩૪ | શું બીમાર છો ? | સ઼ૂં માંદા સ઼ો ? |
| ૩૩૫ | તાવ આવે છે ? | તાવ આવે સ઼ે ? |
| ૩૩૬ | ક્યારથી આવે છે ? | કતરા દન સ઼ુ ? |
| ૩૩૭ | આ શું ખસ થઈ છે ? | જજે સ઼ૂં ખેસ઼ થાજજી સ઼ે ? |

| | |
|---|---|
| ૩૩૮ ભૂવાને છોડીને દવાખાને ઊપડો. | પૂહ્વાય સુડ઼િન દવાઈખાને ઊપડ઼ો. |
| ૩૩૯ દાક્તર પણ ભૂવા જેવા જ હોશિયાર હોય છે હોં? | દાક્તેર તી પૂહ્વા ઝેવાસ ઊસ્ચાર ઊગે. |
| ૩૪૦ બીજા કયા રોગ અહીં બહુ થતા હોય છે? | બીઝા કયઁાના રોગ ન્આ વદાર થંય. |
| ૩૪૧ હું તો મૅલેરિયા નિવારણનું કામ કરું છું. | ઊં તે મેલેજર્ની વાળો સ઼ૂં. |
| ૩૪૨ કૂવાની આજુબાજુ આટલી દવા નાંખવી પડશે. | કૂવા ન ફરતે અતરી દવાઈ તે દડ઼વીસ પડ઼સ઼ેંય. |
| ૩૪૩ કૂવો છે તો પણ તળાવનું પાણી કેમ પીઓ છો? | કૂવો સ઼ે તે તળાવનૂ પોંણી સ઼ંય પીઓ? |
| ૩૪૪ પાણી ગાળીને પીવું જોઈએ. | પોંણી ગાળિ ન પીવૂ ઝૂઝે. |
| ૩૪૫ વાઘથી તો અહીં કોઈ ન બીએ ખરું? | વાગેસ઼ૂ તે ન્આ કણૂ બીએ નીં ખરૂ? |
| ૩૪૬ આપણે યુવકપ્રવૃત્તિ શરૂ કરવી છે. | આપડ઼ે સ઼ેતા ઝુવાન્આ પેહ્ગા કરવા સ઼ે. |
| ૩૪૭ ગામમાં જુવાનો તો ઘણા છે ને? | ગોંમમાય ઝુવાન્આ તે ગણા સ઼ે નેંય? |
| ૩૪૮ આપણું ખેતર આપણે સાચવશું. | આપડ઼ૂ ખેતેર આપડ઼ા સ઼ાસવસ઼ાં. |
| ૩૪૯ હું તો હોમગાર્ડમાં છું. | ઊં તે ઓમગાડમાય સ઼ૂં. |
| ૩૫૦ તીર ચલાવવું એ તો રમતવાત છે ને? | સ઼જર્જૂ સલાવણૂ તી તે રમત વાત સ઼ે ને? |
| ૩૫૧ બસ એવું જ બંદૂકનું છે. | બસ, સ઼ેવૂસ બદૂખનૂ સ઼ે. |
| ૩૫૨ દરરોજ હવે અહીં આવજો હોં. | એવાં દાડ઼ી ન્આ આવઝો સ઼ો? |
| ૩૫૩ નાચવું તો બધાં યે, એમાં શરમાવા જેવું શું છે? | ઠેકવૂ ત સ઼ેતંય, વણામાય સરમાવા ઝેવૂ સ઼ૂં સ઼ે? |
| ૩૫૪ પ્રસંગે મજા તો માણવી જોઈએ ને? | ઊસ઼ાન દાડ઼ે મઝા ત કરવી જૂઝે સ નેય? |
| ૩૫૫ હોળી ખેલવામાંય આનંદ છે ને? | ઉળિ રમણામાય મઝા ત સ઼ે સ નેંય? |
| ૩૫૬ બધાં વાજિંત્રો કંઈ ખરાબ થોડાં છે? | સ઼ેતાં વાજીન્તર કય ખરાપ થુડાસ઼ેંય? |
| ૩૫૭ આપણે તો સારો ઉપયોગ કરવો. | આપડ઼ે ત અસલ ઊપોગ કરવો. |



| | |
|---|---|
| ૩૫૮ તમને વાર્તા આવડે છે? | તમય કઈ વાત આવડ઼ેય? |
| ૩૫૯ ગીતો તો જરૂર આવડતાં હશે. | ગીતાં ત ખાસ આવડતાં અસ઼ેંય. |
| ૩૬૦ કહેવત-ઉખાણાં જાણો કે? | કેત-કોણી જાંણો? |
| ૩૬૧ કહોને, શરમાઓ છો શું? | કયો નેંય, વણામાય સ઼ૂં સરમોં? |
| ૩૬૨ જુઓ, હું પણ ગાઉં છું. | લીયો ઊં તી ગંઊ. |
| ૩૬૩ આ સિવાય તમારા તહેવાર કયા? | અણા સવાય તમાર તેંવાર કીયાકીયા? |
| ૩૬૪ હાટ ક્યાં ભરાય છે? | આહ્ટ કયાં પહ્રય સ઼ે? |
| ૩૬૫ ખરીદી તો ત્યાંથી જ કરો છો ને? | લી-વિસ તે વિસ઼ૂસ કરો નેંય? |
| ૩૬૬ પેલી દુકાનમાં શું વેચાય છે? | વણિ દૂકનમય સ઼ૂં વિસાય સ઼ે? |
| ૩૬૭ એક ફાનસ લેતા આવજો. | ઇક ફણુસ લિતા આવઝો. |
| ૩૬૮ કાંસકી પણ ખરીદવી છે? | કોંગસ઼િ તી તમાર લિવી સ઼ે? |
| ૩૬૯ તમાકુ પણ લાવ્યા કે? | પાંહ્ગ તી લિ આજજા? |
| ૩૭૦ તમે તેલ વાપરો છો? | તમોં તિલ વાપરો સ઼ો ખરા? |
| ૩૭૧ સાબુની શી જરૂર છે? | સ઼ાબૂન સ઼ૂં જરૂર સ઼ે? |
| ૩૭૨ મીઠું-મરચું તો જોઈએ જ ને? | મીઠૂ-મરસૂ તે જૂજસ઼ેસ ને? |
| ૩૭૩ આ ધોતી પણ ત્યાંથી લીધી? | જજૂ પોત્ચ્યૂ તી વેસ઼ૂસ લીદૂ? |
| ૩૭૪ માથે બાંધ્યું તે ફાળિયું ક્યાંથી ખરીદ્યું? | મૂડિ બાન્દજૂ સ઼ે તી ફાળ્ત્યુ કેસ઼ૂ લીદૂ? |
| ૩૭૫ આ બાઈએ પહેર્યાં તે ચાંદીનાં ઘરેણાં છે? | અણી બાજિજ પેર્જાં સ઼ેંય તી સોંદીનાં ગન્નાં સ઼ેંય? |
| ૩૭૬ એ કથીરનાં છે? | જજાં અલીમલીના સ઼ે? |
| ૩૭૭ એ બધાં ઘરેણાંનાં નામ તો કહો. | અણાં સ઼ેતાં ગન્નાંનાં નોમ તે કયો? |
| ૩૭૮ પુરુષોનાં પણ ઘરેણાં તો હશે ને? | આદમ્ન્આના તી ગન્નાં તે અસ઼ે નેંય? |
| ૩૭૯ કયાં કયાં? | કયોંના કયોંના/કીયા કીયા? |
| ૩૮૦ ઓ હો તમે તો બહુ ખરીદી કરી! | ઓસ઼ો સ઼ા તમોંત સ઼ાઊ વોરી લાજજા હ્લા! |
| ૩૮૧ ત્યાં તમે રેડિયો જોયો ને? | બ્યઁા તમંય રેડ઼જો જજજો? |
| ૩૮૨ સાયકલો અને મોટરો પણ પડી હતી, કેમ? | સાયકેલી ને બોટેરી તી પડ઼જી તી નેંય? |

| | |
|---|---|
| ૩૮૩ તમે ગાય કેટલી રાખી છે? | તમય ટાહી કતરી રાકચી સેંય? |
| ૩૮૪ ભેંસ પણ રાખી છે? | ડુબી તી રાકચી સંય? |
| ૩૮૫ ખેતીમાં બળદ તો જોઈએ, ખરું ને? | ખિતીમાય ટાહાંનેંય તે જરૂર પડેસ, નેંય? |
| ૩૮૬ પશુઓને બરાબર સાચવવાં જોઈએ. | જાનવોરંય તી બરુબર સાસવણા જૂઝેંય. |
| ૩૮૭ ઢોરનું હાડકું ભાંગે ત્યારે શું કરો? | ટડાં ન આટકૂ પાહગે તરે સૂં કરો? |
| ૩૮૮ ઢોર મરી જાય ત્યારે શું કરો? | ટડૂ મરેય જાય તરે સૂં કરો? |
| ૩૮૯ હું તો ઢોરનો દાક્તર છું. | ઊં ત ટડાં ન દાકતેય્ર સૂ. |
| ૩૯૦ બળદને ખસી કરાવવી છે? | ગુદો ખાસીડો કરાવણો સે? |
| ૩૯૧ ઘેટાં–બકરાં રાખો છો કે? | કેહટાં–બાખરાં રાખો સો? |
| ૩૯૨ કોઈ ઊંટ રાખે કે નહીં? | કણૂ ઊટ રાખે ક? |
| ૩૯૩ ગાય-ભેંસ ને ફાળવવા ક્યાં લઈ જાઓ છો? | ટાહજજંય–ડુબજજંય ફાણવણા કયા લઈ ઝોવ? |
| ૩૯૪ ગામાત સાંઢ તો છે ને? | ગોમાઊ સાંડ તે સે ને? |
| ૩૯૫ કૂકડા વધારે રાખો તો? | કૂકડાં વદાર રાખો તરે? |
| ૩૯૬ ઈંડાં બધાં જ ખવાઈ જાય છે? | ઈડાઁ સેતાં ખાય ઝો? |
| ૩૯૭ રોજ ચાર–પાંચ વેચો તો? | દાડૂ સસાર-પાઁસ પાઁસ વેસો તરે? |
| ૩૯૮ કૂતરો પણ પાળ્યો છે? | કૂતરો તી પાળ્લ્યો સે? |
| ૩૯૯ શિકારમાં કૂતરો ઉપયોગી ખરો. | રમણા ઝોવ તરે કૂતરો કોમ માય આવે ખરો. |
| ૪૦૦ શબને બાળો કે દાટો? | મડદાય બાળો ક ડાટો? |
| ૪૦૧ માણસ મરી જાય તેની પાછળ તમારામાં રડે ખરાં? | મોનવી મરી ઝાય તણા વાઁસે રુઓ ખરાં? |
| ૪૦૨ રડતાં રડતાં સ્ત્રીઓ કૂટે ખરી? | રુતાં રુતાં દકચી અસ્તરી આથાંસૂ સાતી કૂટે ખરી? |
| ૪૦૩ મૃત્યુ પાછળ મરસિયા બોલે કે નહીં? | મૂઆ પૂઠિ કય મરણગીત ગંય ખરા? |
| ૪૦૪ આ ગામમાં મરસિયા કોને આવડે છે? | અણા ગૉમમાય કણાય મરણગીત આવડેં સેંય? |



| | |
|---|---|
| ૪૦૫ મડદાંની સાથે વસ્તુઓ મૂકો? | મડદા સાતિ કઈ વસ્તૂ મેલો? |
| ૪૦૬ પાળિયો મૂકવાનો વિધિ ખરો કે? | રીસાંમાં મિલવાની રૂઢી ખરી |
| ૪૦૭ મરણ પછીના થોડા રિવાજો તો જણાવો. | મૂવા પૂઠિના જજી રેવાઝ ઊગેંય તી કયો. |
| ૪૦૮ તમારામાં વિધવા સ્ત્રીની દશા કેવી હોય છે? | તમારામાય રાણ્ડેલી અસ્તરજ્જાંનિ દસા કિવી ઊગે? |
| ૪૦૯ મોત પછી બીજા અવતારમાં માનો છો? | તમાઁ બીઝા અવતારમાય માંનો? |
| ૪૧૦ માણસ મર્યા પછી ભૂત થાય તેમ તમે માનો છો? | મોનવી મૂવા પૂઠિ પૂહત થાય ઇમ તમા માનો? |
| ૪૧૧ આ તો એક વહેમ કહેવાય. | જજી તે ઇક વિમૂસ ગણાય. |
| ૪૧૨ તમે કયા કયા શુકન–અપશુકનમાં માનો છો? | તમાં કીયા કીયા સકન માય માંનો? |
| ૪૧૩ તમારામાં બાળલગ્નો થાય? | તમારમાય નાઁનેસાં સુરો-સુરી પન્નેંય? |
| ૪૧૪ લગ્ન કેટલા વરસની ઉંમરે થાય? | લગન કતરાં વરસાં થાય? |
| ૪૧૫ કઈ ઋતુમાં થાય? | કેરે થાય? |
| ૪૧૬ લગ્ન માટે બ્રાહ્મણને બોલાવો? | લગનમાય બૉમૂણ બોલાવો સો? |
| ૪૧૭ પરણ્યા પછી કન્યા જાનની સાથે જાય છે? | પણ્આ પૂઠિ કન્આ જોન લાડિ સાંતિ ઝાય? |
| ૪૧૮ દાપું કેટલું લે? | દાપૂ કતરૂ લીયેંય? |
| ૪૧૯ એટલું બધું? | અતરૂ બાદૂ? |
| ૪૨૦ તમે સહુ મળીને આ ઓછું નથી કરતા? | તમાર પસ પહરીન ઉસૂ નસી કરતા? |
| ૪૨૧ સગાઈ કરવા જાઓ ત્યારે દારૂ પીવાનો તો રિવાજ જ છે ને? | સરો પીવા ઝો તરે ત સરો પીવાનો રીવાજૂસ સે નેંય? |
| ૪૨૨ તમારે લગ્નમાં દારૂ આપવો પડે? | તમાર વીવામાય સરો આલવો પડે? |
| ૪૨૩ બીજા કયા કયા પ્રસંગોએ દારૂ પીઓ? | બીઝે કણે કણે ટોણે સરો પીઓ? |
| ૪૨૪ દારૂ તો બરબાદ કરનાર ચીજ છે. | સરો તે નકખુજ કાડનાર સીઝ સે. |

| | |
|---|---|
| ૪૨૫ મહુડાં સિવાય બીજા શેમાંથી દારૂ બનાવો? | મળિડ઼ાં સવાય બીઝાં સ઼ણાં સ઼ણાં માંસ઼ો સ઼રા બણાવો? |
| ૪૨૬ દારૂબંધી થવાથી તમને ફાયદો થયો છે? | દારૂબંદીસ઼ૂ તમંય લાભ થાજ્જો સ઼ે? |
| ૪૨૭ બાજુનાં આખાં ગામે દારૂ છોડી દીધો. | જુડ઼ેના સ઼ેતા ગૉમેય સ઼રા સુડ઼ી દીદો. |
| ૪૨૮ તમારું ગામ પણ આમ કરી શકે. | તમાર ગૉમ તી ઇમ કરી સ઼કે. |
| ૪૨૯ તમારા જેવાએ પહેલ કરવી જોઈએ. | તમોં ઝેવાય પેલ કરવી જૂઝે. |
| ૪૩૦ દારૂ બંધ કરો તો તમે દેવાંમાંથી ઊગરી જશો. | સ઼રા બદ કરો તે તમાં દેવા માસ઼ા ઊગરી જાસ઼ો. |
| ૪૩૧ તમારા હાથ પર આ શેનો ડામ છે? | તમાર આથ માથે જજી સ઼િનો ડૉમ સ઼ે? |
| ૪૩૨ શા માટે પાડવામાં આવ્યો? | સ઼ંય પાડ઼જ્જો? |
| ૪૩૩ તમને, તમારા માટેની સરકારી યોજનાઓની ખબર છે? | તમંય જજી સરકાર માસ઼ા લાભ મળંય તેનિ ખબર સ઼ે? |
| ૪૩૪ લો, એ યોજનાઓ વિષે વાત કરું. | લીયો, વણા લાભાંનંય વાત તમંય કયંઊં. |
| ૪૩૫ છોકરાંઓનાં ભણતરમાં મદદ મળે છે. | સુરાં પ્હણાવણામાય મદેસ્ત મળે સ઼ે. |
| ૪૩૬ ફી તમારે ભરવાની નહીં. | તમાર ફી પ્હરવી નીં પડ઼ે. |
| ૪૩૭ છાત્રાલયમાં રહેવાનું મફત છે. | સાત્રાલયણમાય રેવાન તી મુફત મળસ઼ેંય. |
| ૪૩૮ નોકરીમાં પણ તમારાં છોકરાંને પહેલી પસંદગી મળશે. | નોખરીમાય તી તમાર સુરાં પેલાં લીવામાય આવસ઼ેય. |
| ૪૩૯ કોર્ટના કેસોમાં પણ સરકાર મદદ કરશે. | કોરેસ્ટનૉં કેસામાય તી સરકાર મદેસ્ત કરસ઼ેય. |
| ૪૪૦ મોટી માંદગીમાં દવાદારૂ અંગે પણ રાહત મળશે. | વદારે લાંબો વખત મોંદા અસ઼ેય તે વણામાય તી સરકાર થોડ઼ીક મદેસ્ત આલસ઼ેંય. |
| ૪૪૧ નવા ઉદ્યોગોમાં પણ તમને રાહત મળશે. | નવા કૉમ તહ્ન્તાહ્માય તી સરકારી મદેસ્ત મળે સ઼ે. |



| | |
|---|---|
| ૪૪૨ તમારા અંગેના કાયદાઓ તમારે જાણવા જોઈએ. | તમોંસ઼ારના કાયદા તમાર જાણવા જૂઝે. |
| ૪૪૩ ગણોત ધારો તમે જાણો છો? | ગણોત કાયદાનંય તમંય ખબર સ઼ે? |
| ૪૪૪ અને ઋણરાહત ધારો? | ને દેવાં સૂકવણી ન કાયદો? |
| ૪૪૫ તમને બજાર ધારાની ખબર છે? | તમંય બજારતાહ્રાની ખબર સ઼ે? |
| ૪૪૬ આ કાયદાઓથી તમને સારું રક્ષણ મળશે. | અણા સ઼ેતા કાયદામાય તમાં બીઝા સ઼ાતિ સેતરોવનીં તેની વેવસ્તા કીદા સ઼ે. |
| ૪૪૭ તમને બીજી કંઈ મુશ્કેલી છે? | તમંય બીઝી કંઈ મૂસીબત સ઼ે? |
| ૪૪૮ મારાથી બનશે તે બધું કરીશ. | મંયસ઼ૂ થાસ઼ેંય તી સ઼ેતૂ કરીસ઼? |
| ૪૪૯ ત્યાં આવો ત્યારે મને જરૂર મળજો. | વ્યોં આવો તરે મંય ખાસ મળઝો. |
| ૪૫૦ આજે કયો વાર છે? | આઝ કયોંનો વાર થાજ્જો? |
| ૪૫૧ આપણે ગુરુવારે મળીશું. | આપડ઼ાં બરેસવારિ મળસ઼ાં. |
| ૪૫૨ રવિવારે તો ઑફિસ બંધ રહે છે. | દીતવારિ તે ઓપીસ બદ રેય. |
| ૪૫૩ ઑફિસ અગિયાર વાગે ઊઘડે છે. | ઓપીસ ફૂળા બફેરાં ઊગડ઼ે સ઼ે. |
| ૪૫૪ સાંજે પાંચ વાગે બંધ થઈ જાય છે. | અથમ્ને પોંસ વાગે તે બદ થાય ઝાય સ઼ે. |
| ૪૫૫ પૈસા ત્રણ વાગ્યા પહેલાં જ મળશે. | દૂકડ઼ાં તે તણ વાજ્જા સ઼ૂદાસ મળસ઼ેંય. |
| ૪૫૬ એટલા માટે વેળાસર આવજો. | તણિ ટેમસર આવઝો. |
| ૪૫૭ અંગ્રેજી મહિનાના બીજા અને ચોથા શનિવારે પણ ઑફિસ બંધ રહે છે. | અગરેસી મોંસ્નાના બીઝા ને સોતા થાવેરિતી ઓપીસ બદ રેંય. |
| ૪૫૮ તહેવારે તો બંધ હોય જ. | ઊસ઼ાન દાડ઼ે તે બદ ઊગેંસ. |
| ૪૫૯ મને જરા રસ્તો બતાવશો? | મંય ઝરા વાટ પાહ્ળસ઼ો? |
| ૪૬૦ આવજો, ફરી મળીશું, અત્યારે તો મારે જવું છે. | આવઝો, ફરિ ન મળસ઼ાં, એવાં ત માર ઝાવ઼ સ઼ે. |

# શબ્દસૂચિ

## અ

અગાઉ અ. પેલાં
અજગર પુ. અઝગેસ્ર
અનાજ ન. અનાસ
અહીં અ. ન્આ
અહીં જ અ. ન્આસ
અહીંથી અ. પુ. ઇંસો
અહીંથી અ. સ્ત્રી. ઇંસે
અહીંથી અ. ન. ઇંસૂ
અંગૂઠો પુ. અગૂઠો
અંગ્રેજી સ્ત્રી. અગરેસી

## આ

આ સર્વ. પુ. જજો
આ સર્વ. સ્ત્રી. જજે, અણી
આ સર્વ. ન. જજૂ
આ જ સર્વ. જજૂ સ
આજ અ. આઝ, આજ
આદિવાસી પુ. આદીવાસી
આ બાજુ અ. અથૅં
આવવું અ. ક્રિ. આવણૂ
આશ્રમ પુ. આસરમ

## ઇ

## ઈ

ઈંડાં ન. બ. વ. ઈડાં

## ઉ

## ઊ

ઊંટ ન. ઊટ
ઉખાણા ન. બ. વ. કૌણી
ઉત્સવ પુ. ઊસો

## એ

એ સર્વ. ન. વુ
એક જ વિ. ઇકૂસ
એકઠાં વિ. બ. વ. ઇટકા
એકાદ વિ. એકસ઼ાક
એકાદ વિ. સ્ત્રી. એકસિ઼ક
એટલા તો વિ. બ. વ. અતરાત
એટલી વિ. સ્ત્રી. અતરી
એનાથી પુ- (ત્રી. વિ. એ. વ.) વણાસૂ
એમ અ. ઇમ





## ઓ

ઓછી વિ. સ્ત્રી. કમતી, ઉસી
ઓટલો પુ. ઉટલો
ઓણુ અ. ઉણુ, ઓણુ
ઑફિસ સ્ત્રી. (અં) ઉપીસ, ઓપીસ

## ક

કઈ વિ. સ્ત્રી. કણી
કડવા વિ. બ. વ. કડ઼આ
કથીર ન. અલીમલી
કન્યા સ્ત્રી. કન્આ
કપડાં ન. બ. વ. લબરાં
કયા વિ. બ. વ. કણા
કહેવત સ્ત્રી. કેત
કાકા પુ. કાકો
કાકી સ્ત્રી. કાકિ
કાચો વિ. કાસો
કાપવું સ. ક્રિ. કાપણૂ
કાંઠો પુ. તેહ઼ડ઼
કાંસકી સ્ત્રી. કોંગસિ઼
કુટુંબ ન. કટમ
કુમારિકા સ્ત્રી. કૂવારી સુરી
કેટલામી વિ. કયાંસ઼ી
કેટલાં વિ. બ. વ. કતરાં
કેટલી વિ. સ્ત્રી. કતરી
કેટલું વિ. ન. કતરૂં
કેનાં સર્વ. બ. વ. કિનાં
કેમ અ. કિમ, સ઼ંય
કેવોક વિ. પુ. કિવોક
કોઈ સર્વ. કણૂ
કોણ સર્વ. કુણ
કોન્ટ્રાકટર પુ. કન્તરાટિ
કોર્ટ સ્ત્રી (અં) કોરેસ્ટ
કોલસા પુ. બ. વ. મસ઼્યા઼

## ખ

ખરીદી સ્ત્રી. લિ-વીસ
ખસ સ્ત્રી. ખેસ઼
ખસીવાળો વિ. પુ. ખાસ઼ીડ઼ો
ખાતર ન. ખાતેસ્ર
ખેતર ન. ખેતેસ્ર
ખેલવું અ.ક્રિ. રમણૂ

## ગ

ગામ ન. ગોમ
ગામાત વિ. ગોમાઊ
ગાય સ્ત્રી. ટાહિ
ગીતો ન. બ. વ. ગીતાં
ગુનો પુ. ગનો
ગુરુવાર પુ. બરેસવાર
ગુંદર પુ. ખડાં
ગેરુ પુ. ગિરૂ
ગોત્ર ન. ગોતેસ્ર
ગ્રામસેવક પુ. ગોમસેવક
ગ્રામસેવિકા સ્ત્રી. ગોમસેવીકા

**ઘ**

ઘઉં પુ. બ. વ. ગઊ
ઘણા વિ. બ. વ. ગણા
ઘણી વિ. સ્ત્રી. ગણી
ઘર ન. કેહર
ઘરડી વિ. સ્ત્રી. ગડી
ઘાસ ન. બ. વ. ચ઼ાર
ઘેટાં ન. બ. વ. કેહટાં
ઘોડા પુ. બ. વ. કોહડ઼ા

**ચ**

ચલાવવું સ. ક્રિ. સલાવણૂ
ચાસ પુ. સાસ઼
ચિઠ્ઠી સ્ત્રી. સીટિ
ચિત્ર ન. સબિ
ચૂકવું અ. ક્રિ. સૂકણૂ
ચોપડીઓ સ્ત્રી. બ. વ. સોપડ઼ી
ચોમાસું ન. સમાસૂ

**છ**

છાણિયું વિ. ન. ચ઼ાણ્ગૂ
છાતી સ્ત્રી. સાતી
છાત્રાલય ન. સાતરાલયેણ
છૂટ સ્ત્રી. સૂટ
છૂટાછવાયા વિ. બ. વ. સૂટાસૂટા
છે સહા. ક્રિ. (ત્રી. પુ. એ. વ.) સે઼
છે સહા. ક્રિ. (બ. વ.) સેંય
છોકરાં પુ. સુરાં
છોકરી સ્ત્રી. સુરિ
છોકરો પુ. સુરો

**જ**

જમીન સ્ત્રી. ઝમિ, જમિ
જરૂર અ. ખાસ
જાન સ્ત્રી. જોન઼
જુવાનો પુ. બ. વ. ઝુવાન્આ
જેટલું વિ. જતરૂ
જંગલ ન. જ઼ગળ, ડુગરુ, વગડુ
જ્યાંથી અ. જેસો઼

**ઝ**

ઝગડા પુ. બ. વ. વગરા
ઝાડ ન. ઝાડ઼

**ટ**

ટીમરુ ન. ટીબરૂઊ

**ઠ**

**ડ**

ડામ પુ. ડોમ
ડોસી સ્ત્રી. ડુસિ઼



**ઢ**

ઢોર ન. બ. વ. ટડાં
ઢોલ પુ. ટોહલ

**ણ**

**ત**

તકલીફ સ્ત્રી. તકલીત
તમાકુ સ્ત્રી. પાંહગ
તલાટી પુ. તળાટી
તીર ન. સ઼જર્જૂ
તે સર્વ. પુ. વી
તે સર્વ. સ્ત્રી. વે
તે સર્વ. ન. વુ
તેઓ સર્વ. બ. વ. વા
તે સર્વ. તી
તે જ સર્વ. તીસ
તેની પુ. (છ. વિ. એ. વ.) વેની
તેમ અ. તિમ
તેમની પુ. (છ. વિ. બ. વ.) વણુાંન
તેમાં પુ. (સા. વિ. એ. વ.) વણુામાય
તેલ ન. તિલ
તો અ. તે
ત્યારે અ. તરે
ત્યાં અ. વ્યાં
ત્યાંથી અ. વેંસ઼સિ
ત્રણ વિ. તણ

**થ**

થઈ (અ. ક્રિ. થવું નુ સ્ત્રી. ભૂ.) થાજ્જી
થયાં (અ. ક્રિ. થવું. નું ન. બ. વ.) થાજ્જાં
થોડું થોડું વિ. થુડૂક થુડૂક

**દ**

દરરોજ અ. દાડૂ
દરસાલ અ. વરસાલ
દવ પુ. દેવ
દવા સ્ત્રી. દવઈ, ઊખેડ઼
દવાખાનું ન. દવાઈખોનૂ
દવામાં સ્ત્રી. (પાં. વિ. એ. વ.) દવઈમાય
દસેરા પુ. દસ઼રા
દાડી સ્ત્રી. દાનગી
દાતરડાથી ન. (ત્રી. વિ. એ. વ.) દાતરીસૂ
દારૂ પુ. સ઼રો
દીકરા પુ. બ. વ. સુરા
દીકરી સ્ત્રી. બ. વ. સુરી
દીપડા પુ. બ. વ. સીતરા
દૂર અ. સેટે
દુકાન સ્ત્રી. દૂકન
દેરી સ્ત્રી. દિરી
દેવતા પુ. આગ
દેવદેવી ન. બ. વ. દિવદિવી
દેવીને સ્ત્રી. (બી. વિ. એ. વ.) દેવજ્જે

**ધ**

ધજા સ્ત્રી. તʰજા
ધરો પુ. તʰરો
ધંધામાં પુ. (પાં. વિ.) તʰન્તાʰમાય

**ન**

નજીક અ. ટૂʰકડૂ
નથી અ. ક્રિ. (ન. વા.)નસીં
નદી સ્ત્રી. નય
નવી વિ. સ્ત્રી. નૅય
નસીબને ન. (બી. વિ.) નસીબી
નાહવું અ. ક્રિ. જીલવૂ
નિશાળ સ્ત્રી. નિસ઼ાળ
નોકરી સ્ત્રી. નોખરિ

**પ**

પકડવું સ. ક્રિ. સ઼ાવૂ
પછી અ. પૂઠિ
પણ અ. તી
પથરાળ વિ. પૉણાળિ
પથ્થર પુ. બ. વ. પૉણા
પશુ ન. જાનવૉર
પહોળો વિ. પુ. પૉળો
પંચ ન. પસ
પંચાયત સ્ત્રી. પન્સાત
પાણી ન. પૉણી
પાદર ન. પાદૅર
પાન ન. બ. વ. પૉના
પાળિયો પુ. પાળ્યો, રીસ઼ામો
પાંચ વિ. પૉંસ
પુલ પુ. પલ
પૂરું વિ, સ઼ેતૂ
પેલા સર્વ. પુ. બ. વ. વા
પેલાં ન. બ. વ. વૉ઼
પૈસા પુ. બ. વ. દુકડ઼ા
પોતિયું ન. પોત્યૂ
પ્રમુખ પુ. પરમૂક

**ફ**

ફક્ત અ. ફકેસ્ત
ફળિયું ન. ફળ્યૂ
ફાનસ ન. ફણસ
ફાળિયું ન. ફાળ્યૂ
ફૂલોની ન. (છ. બ. વ.) ફૂલાંન
ફેંકખેતી સ્ત્રી. સ઼ાજ્જેર
ફોજદાર પુ. ફોદ્દાર

**બ**

બકરાં ન. બ. વ. બાખરાં
બતાવવું સ. ક્રિ. પાʰળવૂ
બધા વિ. બ. વ. સ઼ેતા
બનાવવું સ. ક્રિ. બનાવણૂ
બપોર પહેલાંનો સમય પુ. ફૂળાબફેર
બહેન સ્ત્રી. બેન
બહેનને સ્ત્રી. (બી. વિ. એ. વ.) બેનય
બળદ પુ. ટાસ઼ો, ગુદો
બાઈએ સ્ત્રી. (ત્રી. વિ. એ.) વ. બાજિજ
બાજુ અ. આડ
બીમાર વિ. મૉદા
બિયારણ ન. બીજ
બીટગાર્ડ પુ. બીટગ્યાડ
બે જ વિ. બાઊસ



**ભ**

ભગત પુ. પʰગત
ભજન ન. બ. વ. પʰન્નાં
ભાઈ પુ. પાʰયા
ભાઈને પુ.(બી. વિ. એ. વ.) પાʰજ્જેય
ભાજી સ્ત્રી. પાʰઝિ
ભાંડરું ન. બ. વ. પʰદડ઼ાં
ભૂત પુ. પૂʰત
ભૂલથી સ્ત્રી. (પાં. વિ. એ. વ.) પૂʰલસૂ
ભૂવો પુ. પૂʰવો
ભેગા વિ. બ. વ. પેʰગા
ભેંસ સ્ત્રી. ડુબિ
ભેંસને સ્ત્રી. (બી. વિ. એ. વ.) ડુબજજેંય

**મ**

મહુડાનાં ફળ ન. બ. વ. મઊડ઼ાં
મહુડા (ઝાડ) પુ. બ. વ. મઊડ઼ા
મકાઈ સ્ત્રી. જૂઆર
મજાની વિ. સ્ત્રી. અસલ
મજૂરી સ્ત્રી. મઝૂરી
મદદે દોડવું સ. ક્રિ. તાʰમેવળવૂ
મહેનત સ્ત્રી. મેણેત
મંત્રી પુ. મત્રી
મંદિર ન. દિરૂ
મા સ્ત્રી. આય
માટીના સ્ત્રી. (છ. વિ. એ. વ.) ગારના
માણસ પુ. આદમી, મૉનવી
માણસને પુ. (બી. વિ. એ. વ.) આદમ્એ
માથે અ. મુડિ
માર્યું ભૂ. કૃ. માજ્જૂં
મીણો પુ. મેણો
મૂળનું અ. અસલી
મૅલેરિયા પુ. મેલેજ્જો
મોટું વિ. મુટ્ટૂ
મોટરો સ્ત્રી. બ. વ. (અ) ઓટેસ્રી

**ય**

**ર**

રવિવાર પુ. દીતવાર
રસ્તો પુ. મારગ, વાટ
રિવાજ પુ. રિવાઝ
રૂઢિ સ્ત્રી. રૂડિ
રેડિયો પુ (અં) રેડ઼જ્જો
રોજ અ. દાડ઼

**લ**

લગ્ન ન. વીવા, લગન
લાભ પુ. લાબ
લાવ્યા ભૂ. કૃ. લાજ્જા

**વ**

વચ્ચે અ. વેસે
વડવા પુ. બ. વ. ડુસ઼ાડુકરા
વરસાદ પુ. મેંસ઼
વરસો ન. બ. વ. વરસ઼ાં
વહેમ જ પુ. વિમૂસ
વાગવું અ. ક્રિ. વાજવૂ

વાઘ પુ. વાગ
વાર્તા સ્ત્રી. વાત
વાંધો પુ. વાંદો
વિધવા વિ. (સ્ત્રી.) રઁાડિલી
વ્યવસ્થા સ્ત્રી. વેવત્તા

**શ**

શબ્દને ન. (બી. વિ. એ. વ.) મડ્દાય
શાકભાજી સ્ત્રી. સાકપાઙ્ઝિ, હાણ્ન્નૂ
શાથી અ. સ઼ણેસ઼ૂ
શામાં અ. કણામાય
શિકાર પુ. સીકાર
શિકારે જવું સ. ક્રિ. રમણા જાવૂ
શિક્ષક પુ. માસ્તર
શુકન પુ. સ઼કન
શું વિ. સ઼ૂં
શેમાં અ. સ઼ણામાય
શેં અ. સ઼જ્જે

**સ**

સગાઈ સ્ત્રી. વીવા, સ઼રો પીવો
સભ્ય પુ. મેમર, સબ્યા
સરપંચને પુ. (બી. વિ. એ. વ.) સરપસિ
સહકાર પુ. સ઼ાત
સહકારી મંડળી સ્ત્રી. રીસૂટિ
સંપ પુ. સ઼પ
સાગ પુ. સ઼ાગડ઼ો
સાચવવું સ. ક્રિ. સ઼ાસવણૂ
સાધન ન. સાદન
સાથે અ. સ઼ાતિ
સાપ પુ. સ઼ાપ
સાપને પુ. (બી. વિ. એ. વ.) સ઼ાપય
સાયકલો સ્ત્રી. બ. વ. (અં) સાયકેલી
સારી વિ. સ્ત્રી. અસલ
સાંજે અ. આથમ્ન્ગે
સાંઢ પુ. સ઼ાંડ
સિવાય અ. સવાય
સુધી અ. સુ઼દી
સ્ત્રીઓને સ્ત્રી. (બી. વિ. બ. વ.) અસ્તર-જજંય

**હ**

હતી સ્ત્રી. (ભૂ. કા.) અતી
હદ સ્ત્રી. અદ
હશે (હોવું નું ભ. કા નું રૂપ) અસ઼ય
હરણાં ન. બ. વ. અન્નાં
હાડકું ન. આટકૂ
હાથ પુ. આથ
હાથથી પુ. (ત્રી. વિ. એ. વ.) આથેસ઼ૂ આથાસૂ
હું સર્વ (પ. પુ. એ. વ.) ઊં
હેરાન વિ. એરાંન
હોય અ. ઊગે
હોળી સ્ત્રી. ઓળિ

**ળ**

## અમારાં કેટલાંક પ્રકાશનો

| | | |
|---|---|---|
| **ગાંધીજીની જીવનદૃષ્ટિ** | મોરારજીભાઈ દેસાઈ | ૦.૭૫ |
| **गांधीजीकी जीवनदृष्टि** | ,, ,, | ૦.૭૫ |
| **સમૂહજીવનનો આચાર** | બબલભાઈ મહેતા | ૨.૦૦ |
| **ઉપનયન** | મોહનભાઈ પટેલ | ૪.૦૦ |
| **કવિજીવન** | સં. મોહનભાઈ પટેલ | ૧.૫૦ |
| **ગ્રામોદ્યોગની વિચારધારા અને અર્થશાસ્ત્ર** | વિઠ્ઠલદાસ કોઠારી અને અન્ય | ૪.૫૦ |
| **કચ્છી શબ્દાવલિ** | શાન્તિભાઈ આચાર્ય | ૪.૦૦ |
| **,, ,, (પાકું પૂઠું)** | ,, | ૪.૫૦ |
| **कुलपतिजीके भाषण** | મો. ક. ગાંધી | ૨.૦૦ |
| **અભિનયદર્પણ** | ડૉ. પનુભાઈ ભટ્ટ | ૬.૦૦ |
| **પ્રાચીનસાહિત્ય** | રવીન્દ્રનાથ ઠાકુર | ૧.૨૫ |
| **નિવાપાંજલિ** | મગનભાઈ દેસાઈ | ૩.૦૦ |
| **વિવેકાંજલિ** | ,, ,, | ૩.૦૦ |
| **પ્રવેશિકા** | ,, ,, | ૪.૦૦ |

ટપાલરવાનગી અલગ

## બેતાજ બાદશાહ

લે. યૂ. પુ. બારોટ

સર ફીરોઝશાહ મહેતાનું જીવનચરિત્ર રજૂ કરતું આ પુસ્તક એ ગુજરાતી લડવૈયાનાં લક્ષણો, એમની મહત્તા, લોકપ્રિયતા અને એમણે સંપાદન કરેલી મહાન સિદ્ધિઓ સરળ શૈલીમાં પીરસે છે.

કિં. રૂ. ૨.૦૦ ટપાલરવાનગી ૦.૩૦

## આલ્બર્ટ સ્વાઈત્ઝર

લે. મોહનભાઇ શં. પટેલ

પુરુષાર્થી, નિષ્ઠાવાન, ત્યાગી, માનવસેવક નોબેલ પારિતોષિક વિજેતા ડૉ. આલ્બર્ટ સ્વાઇત્ઝરનું આ જીવનચરિત્ર પ્રેરણા અને શક્તિ આપે એવું છે. ડૉ. સ્વાઇત્ઝરના જીવન અને દર્શનનો, કર્મ અને જ્ઞાનનો સુંદર પરિચય કરાવવાનો અહીં પ્રયત્ન થયો છે. સરળ અને રસપ્રદ શૈલીમાં લખાયેલું આ પુસ્તક માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ તેમ જ સામાન્ય લખીવાંચી જાણનાર પ્રૌઢોને સારી મદદ કરશે.

કિં. ૧.૭૫ ટપાલરવાનગી ૦.૩૦

## આચાર્ય શ્રી પ્રફુલ્લચંદ્ર રાય

લે. યૂ. પુ. બારોટ

દેશભક્ત અને મહાન કેળવણીકાર શ્રી પ્રફુલ્લચંદ્રની આ જીવનકથા પ્રેરણાત્મક અને જીવનને ઉન્નત બનાવનારી છે.

કિં. રૂ. ૧.૫૦ ટપાલરવાનગી ૦.૨૫

## બંગકેસરી

લે. યૂ. પુ. બારોટ

શ્રી સુરેન્દ્રનાથ બેનરજીનું જીવન આલેખતું આ પુસ્તક એક વાગ્મી દેશભક્તને સુંદર રીતે શબ્દબદ્ધ કરે છે. નાનાંમોટાં સૌને આ પુસ્તક અત્યંત ઉપયોગી છે.

કિં. રૂ. ૨.૦૦ ટપાલરવાનગી ૦.૩૦

## એલેક્ઝાન્ડર ફ્લેમિંગ

લે. બંસીધર હી. ગાંધી

પેનિસિલિનના શોધક ડૉ. એલેક્ઝાન્ડર ફ્લેમિંગનું આ જીવનચરિત્ર વિજ્ઞાનરસિકોને પ્રેરણાદાયક છે. ગુજરાતી ભાષામાં આ વૈજ્ઞાનિકનું જીવનચરિત્ર લખીને લેખકે માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ તેમ જ સામાન્ય લખીવાંચી જાણનાર પ્રૌઢોને સારી મદદ કરી છે.

કિં. રૂ. ૧.૨૫ ટપાલરવાનગી ૦.૩૦